dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 03 | AD - 2025, Aso Sud-11 | Friday, Dt.03-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## મોહન ભાગવતે દેશના લોકોને સ્વદેશીને પ્રોત્સાહન આપવાની અપીલ કરી

# સંઘે તેના દ્રષ્ટિકોણ અને પરંપરાને અનુસરીને ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા : મોહન ભાગવત

(એચ.એસ.એલ),નાગપુર,તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે નાગપુરમાં વિજયાદશમી સમારોહને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે મોહન ભાગવતે દેશના લોકોને સ્વદેશીને પ્રોત્સાહન આપવાની અપીલ કરી અને પડોશી દેશોમાં ચાલી રહેલ અશાંતિનો પણ ઉલ્લેખ કર્યો. આરએસએસ વડાએ પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કર્યો. પોતાના સંબોધનમાં, આરએસએસ વડા મોહન ભાગવતે કહ્યું કે આ વર્ષે ગુરુ તેગ બહાદુરના બલિદાનની ૩૫૦મી વર્ષગાંઠ છે. તેમણે ભારતની ઢાલ બનીને સાંપ્રદાયિક સૌહાર્દ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું. આજે, ૨ ઓક્ટોબર, સ્વર્ગસ્થ મહાત્મા ગાંધીની જન્મજયંતી છે. આપણા સ્વતંત્રતા સંગ્રામમાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે. જો કે, તે સમયના આપણા દાર્શનિક નેતાઓમાં, જેમણે સ્વતંત્રતા પછી ભારત કેવું હોવું જોઈએ તે અંગે પોતાના વિચારો આપ્યા હતા, તેઓ અગ્રણી સ્થાન ધરાવે છે. આજે સ્વર્ગસ્થ લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતી છે, જેમણે દેશ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. આ રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ અને સેવાના ઉત્તમ ઉદાહરણો છે. પહેલગામ હુમલાનો ઉલ્લેખ કરતા, મોહન ભાગવતે કહ્યું, સીમા પારથી આવેલા આતંકવાદીઓએ ૨૬ ભારતીયોને તેમનો ધર્મ પૂછ્યા



પછી મારી નાખ્યા. આ આતંકવાદી હુમલાએ દેશને શોક અને આક્રોશમાં મૂકી દીધો. આપણી સરકાર અને સશસ્ત્ર દળોએ, સંપૂર્ણ રીતે તૈયાર રહીને, યોગ્ય જવાબ આપ્યો. સરકારના સમર્પણ, સશસ્ત્ર દળોની બહાદુરી અને સમાજમાં એકતાએ દેશમાં એક આદર્શ વાતાવરણ બનાવ્યું. આ ઘટના અને આપણા ઓપરેશન પછી વિવિધ દેશોએ ભજવેલી ભૂમિકાએ આપણા સાચા મિત્રોને ખુલ્લા પાડ્યા. દેશની અંદર પણ, એવા ગેરબંધારણીય તત્વો છે જે દેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરે છે. સંઘના વડાએ કહ્યું કે પ્રવર્તમાન આર્થિક વ્યવસ્થા અનુસાર, દેશ આર્થિક વિકાસ પ્રાપ્ત કરી રહ્યો છે. જોકે, વર્તમાન આર્થિક વ્યવસ્થાની કેટલીક ખામીઓ પણ સ્પષ્ટ થઈ રહી છે. આ વ્યવસ્થા શોષણ માટે એક નવી પદ્ધતિ બનાવી શકે છે, પર્યાવરણને નુકસાન થઈ શકે છે. અમેરિકા દ્વારા અપનાવવામાં આવેલી તાજેતરની ટેરિફ નીતિ દરેકને અસર કરી રહી છે. આવી સ્થિતિમાં, આપણે વર્તમાન આર્થિક વ્યવસ્થા પર સંપૂર્ણપણે નિર્ભર ન રહેવું જોઈએ. નિર્ભરતા મજબૂરીમાં ફેરવાઈ ન જવી જોઈએ. તેથી, જો આપણે આત્મનિર્ભરતાનું જીવન જીવવા માંગતા હોઈએ, તો નિર્ભરતાને સ્વીકારીને અને તેને મજબૂરી ન બનાવીને, આપણે આત્મનિર્ભર જીવન જીવવું પડશે. રાજદ્વારી અને આર્થિક સંબંધો પણ વિશ્વ સાથે જાળવવા પડશે, પરંતુ તેમના પર સંપૂર્ણ નિર્ભરતા રહેશે નહીં. પડોશી દેશોમાં હિંસક ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરતા, આરએસએસ વડાએ જણાવ્યું હતું કે પરિવર્તન ફક્ત લોકશાહીના માધ્યમથી આવે છે.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• સેલ્સ કો-ઓર્ડિનેટર-2
• કૂલ પાર્લર મેનેજર - 1
• કેશિયર - 1
• બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર - 1 (મિલ્ક ડિવિઝન)
• નાઈટ બિલિંગ એક્ઝિક્યુટિવ - 1
• સેલ્સ અને માર્કેટિંગ ઓફિસર - 2
• રીપોર્ટીંગ મેનેજર - 1
• ટ્રેનર - 1
Location :
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. ૭૫ થી ૮૧, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, અમરેલી-૩૬૫૬૦૧, ગુજરાત.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW




## આપણી પેઢીના સ્વયંસેવકોનું સૌભાગ્ય છે કે તેઓ આરએસએસના શતાબ્દી વર્ષ જેવા મહાન પ્રસંગના સાક્ષી બન્યા : પીએમ મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર સ્વયંસેવકોને અભિનંદન આપતો એક લેખ લખ્યો છે. આ લેખમાં, તેમણે આરએસએસને શાશ્વત રાષ્ટ્રીય ચેતનાનું મૂર્ત સ્વરૂપ ગણાવ્યું છે. પીએમ મોદીએ પોતાના લેખમાં જણાવ્યું હતું કે બરાબર ૧૦૦ વર્ષ પહેલાં વિજયાદશમીના ભવ્ય તહેવાર પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના હજારો વર્ષ જૂની પરંપરાનું પુનઃસ્થાપન હતું, જેમાં રાષ્ટ્રીય ચેતના સમયાંતરે નવા અવતારોમાં તે યુગના પડકારોનો સામનો કરવા માટે પ્રગટ થાય છે. આ યુગમાં, RSS એ શાશ્વત રાષ્ટ્રીય ચેતનાનો સદ્ગુણી અવતાર છે. તેમણે આગળ લખ્યું, "આપણી પેઢીના સ્વયંસેવકોનું સૌભાગ્ય છે કે તેઓ આરએસએસના શતાબ્દી વર્ષ જેવા ભવ્ય પ્રસંગના સાક્ષી બન્યા. આ પ્રસંગે, હું રાષ્ટ્રની સેવા માટે સમર્પિત લાખો સ્વયંસેવકોને મારી શુભકામનાઓ પાઠવું છું. હું આરએસએસના સ્થાપક અને અમારા આદર્શ, સૌથી આદરણીય ડૉ. હેડગેવારને મારી પુષ્પાંજલિ અર્પણ કરું છું.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન
24/7 ઇમરજન્સી
ધર્મજીવન હોસ્પિટલ
सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
● સ્ત્રી રોગ અને પ્રસુતી વિભાગ
નોર્મલ ડિલિવરી,સિઝેરિયન ડિલિવરી તથા અન્ય સ્ત્રી રોગ સંબંધી (દૂરબીન દ્વારા) ઓપેરશનની સુવિધા
સંપૂર્ણ મફત*



875 875 4112/3310 શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

હાર્દિક અભિનંદન



શ્રી જીગ્નેશભાઈ પટેલ
ચેરમેનશ્રી, ગુજરાત નિયંત્રીત બજાર સંઘ
ચેરમેનશ્રી, એ.પી.એમ.સી. રાજુલા
ગુજરાત રાજયની ૨૨૪ એ.પી.એમ.સી.ઓનાં સંગઠન એવા ગુજરાત નિયંત્રીત બજાર સંઘનાં ચેરમેનશ્રીની ચુંટણીમાં આપની બીનહરીફ વરણી થતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ, આપ ઉતરોતર રાજકીય પ્રગતિ કરો તેવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવીએ છીએ.
-:: શુભેચ્છક ::-
શ્રી ગભરૂભાઈ જી. કામળીયા, ચેરમેનશ્રી
શ્રી બાબુભાઈ પી. જોળીયા, વા.ચેરમેનશ્રી
શ્રી ઘનશ્યામભાઈ આર. પટેલ, ડીરેકટરશ્રી
શ્રી જસુભાઈ એલ. કાતરીયા, ડીરેકટરશ્રી
શ્રી કનુભાઈ ડી. કાતરીયા, ડીરેકટરશ્રી
શ્રી રાણાભાઈ જે. ગોહીલ, ડીરેકટરશ્રી
શ્રી જીતેન્દ્રભાઈ એ. જાની, ડીરેકટરશ્રી
શ્રી આલીંગભાઈ એમ. કામળીયા, ડીરેકટરશ્રી
શ્રી વેલજીભાઈ એચ. બારૈયા, ડીરેક્ટરશ્રી
શ્રી કરશનભાઈ કે. શેલાણા, ડીરેકટરશ્રી
શ્રી અશોકભાઈ એ. કાપડીયા, ડીરેકટરશ્રી
શ્રી પ્રવીણભાઈ બી. જોષી, ડીરેકટરશ્રી
શ્રી પંકજભાઈએ. સેતા, ડીરેકટરશ્રી,
શ્રી જીલુભાઈ એચ. ભુકણ, ડીરેકટરશ્રી
શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ, ડીરેકટરશ્રી
શ્રી જીલ્લા ખેતિ.અધિકારી, ડીરેકટરશ્રી
શ્રી વિશાલભાઈ પી. પાંચાણી, સેક્રેટરી
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મહુવા

હાર્દિક શુભેચ્છા
લોકપ્રશ્નને વાચા આપી લોકોના હૃદયમાં અનેરૂ સ્થાન ધરાવતું અને સપ્તાહનાં સાતેય દિવસ પ્રસિદ્ધ થતા એકમાત્ર દૈનિક
સંજોગ ન્યૂઝ
આપણી વાત આપણું અખબાર...
ને ૯ મા વર્ષમાં મંગલ પ્રવેશ બદલ હાર્દિક શુભેચ્છા અને ઉત્તરોત્તર પ્રગતિ કરી સફળતાના શિખર સર કરે તેવી શુભકામનાઓ
શુભેચ્છક
શુભેચ્છક
અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. Amul The Taste of India
''અમર ડેરી''
અમર ત્રિભેટો, ધારી રોડ –અમરેલી ૩૬૫ ૬૦૧


શ્રી ડો.આર.એસ.પટેલ
મેનેજીંગ ડીરેકટર


શ્રી મુકેશભાઈ સંઘાણી
વાઈસ ચેરમેન


શ્રી અશ્વિનભાઈ સાવલીયા
ચેરમેન
તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ

સંજોગ ન્યૂઝ

આપણું અમરેલી




# બાબરા તાલુકાના તળાવોમાં વાલ્વ મૂકવા સાંસદ અને ધારાસભ્યની ઉચ્ચસ્તરીય રજૂઆત

બાબરા,તા.૦૨

બાબરા તાલુકાના ખેડૂતોને સિંચાઈના હેતુ માટે મોટી રાહત મળે તે માટે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત અધિક સચિવ, મુખ્ય ઈજનેર, સૌરાષ્ટ્ર ઝોન, નર્મદા જળ સંપત્તિ પંચાયત વિભાગ સમક્ષ



કરવામાં આવી છે, જેમાં ત્રણ કિલોમીટરની મર્યાદામાં આવતા જુદા જુદા તળાવોમાં વાલ્વ (ગેટ વાલ્વ) મૂકવા માટેની મંજૂરી આપવા ભારપૂર્વક માંગણી કરવામાં આવી છે. સ્થાનિક લોકપ્રતિનિધિઓએ આ વિસ્તારના ખેડૂતોની લાંબા સમયથી પડતર માંગણીને વાચા આપી છે. તેઓએ જણાવ્યું છે કે આ તળાવોને નર્મદાના નીરથી ભરવામાં આવ્યા છે. જો તેમાં વાલ્વ મૂકવાની મંજૂરી મળે તો પાણીનું યોગ્ય નિયમન થઈ શકશે અને આસપાસના ગામોના ખેડૂતોને બારેમાસ સિંચાઈ માટે પાણી મળી રહેશે.

# બગસરા પંથકમાં છ દિવસથી સતત વરસાદથી ખેતીને વ્યાપક નુકસાન

બગસરા,તા.૦૨

બગસરા પંથકમાં હાલમાં વરસી રહેલા વરસાદના લીધે ખેડૂતોની હાલત અતિ દયનીય થઈ ગઈ છે. બગસરા પંથકમાં કુલ ૩૦૦૫૩ હેકટર જમીનમાં અલગ અલગ વાવેતર કરવામાં આવેલ છે. જેમાં મગફળી ૧૨૬૭૬ હેક્ટરમાં તેમજ કપાસનું ૯૭૦૭ હેક્ટરમાં તેમજ ડુંગળીનું ૧૦૨ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. જયારે બગસરા શહેરમાં ચોમાસાની સિઝનનો કુલ વરસાદ ૬૧૪ મિમી પડેલો છે.



હાલમાં છેલ્લા ૬ દિવસથી ધીમી ધારે વરસાદ પડતાં તમામ પાકમાં નુકસાની થયેલ છે. ખેડૂતોએ પોતાની વ્યથા વ્યક્ત કરી છે. જેમાં મગફળીના પાથરા પલળી ગયા છે જેથી મગફળીમાં ભારે નુકસાની તેમજ પશુઓ માટે પાલો પણ બગડી ગયો છે. કપાસ ઢળી પડ્યા અને છોડ સુકાવા લાગ્યા છે. ડુંગળીના પાકમાં વધુ વરસાદથી બાફિયા નામનો રોગ આવતા વૃદ્ધિ થઈ નથી. ખેડૂતોએ મોંઘા ભાવનું બિયારણ અને ખાતર તેમજ મજૂરીનો ખર્ચ કરેલ જેમાં આવી સ્થિતિ થતા ખેડૂતો સરકાર પાસે સહકારની અપેક્ષા સાથે તાત્કાલીક સર્વે કરી રાહત પેકેજ જાહેર કરે તેવી માંગ કરવામાં આવેલ છે.

# વી.ડી. ઘેલાણી મહિલા કોલેજની વિદ્યાર્થિનીએ તીરંદાજી સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

સાવરકુંડલા,તા.૦૨



સાવરકુંડલામાં વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિની કૃપાલી નિમાવતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આંતરકોલેજ તીરંદાજી સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ઉપલેટાની મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આ સ્પર્ધા યોજાઈ હતી. કૃપાલી નિમાવતે આ સફળતા મેળવી કોલેજ અને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. હવે તે પંજાબના પટિયાલા ખાતે ઓલ ઈન્ડિયા તીરંદાજી ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

# તરવડામાં ગુરુકુલના રજતજયંતી મહોત્સવનો ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૨

તરવડા ગુરુકુલના રજતજયંતી મહોત્સવનો ધ્વજારોહણ કાર્યક્રમ વિજ્યાદશમીના દિવસે યોજાયો હતો. આ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના ૨૫ વર્ષ, શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના ૧૨૫ વર્ષ નિમિત્તે તરવડા ગુરુકુલની તીર્થભૂમિ પર તા. ૨૪ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ રજતજયંતી મહોત્સવ ઉજવાશે. આ મહોત્સવની સફળતા અને



ઉદ્‌ઘોષના પ્રતીકરૂપ ગુરુકુલના પ્રાંગણમાં વિજયસ્તંભ આરોપીત કરી પૂજ્ય ગુરુવર્ય દેવકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે ઠાકોરજીના પૂજન સાથે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુમહારાજે આશીર્વાદ પાઠવતા કહ્યું હતું કે "આ મહોત્સવ દ્વારા ખૂબ ભજન અને સેવા થશે. મહોત્સવ નિવિઘ્ને પૂર્ણ થશે. મહોત્સવમાં સહભાગી થનાર સૌનું મહારાજ સર્વ પ્રકારે ધ્યાન રાખશે." આ પ્રસંગે ઘનશ્યામજીવનદાસજી સ્વામી વગેરે સંતો, ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ.ભ. ધીરુભાઈ બાબરીયા, હરિભક્તો તથા ગુરુકુલના હજારો વિદ્યાર્થીઓ સાક્ષી બન્યા હતા. આ પ્રસંગે સંચાલક પૂ. કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ મહોત્સવના ૫૧ કુંડી શ્રી હરિયાગ વગેરે આધ્યાત્મિક અને વ્યસનમુક્તિ, બ્લડ ડોનેશન કેમ્પ તથા સર્વરોગ નિદાન કેમ્પ વગેરે સામાજિક આયોજનોની માહિતી આપી હતી.

# રાજુલાના નવરાત્રિ મહોત્સવમાં બહેનોએ પરશુ રાસ રજૂ કર્યો

રાજુલા,તા.૦૨

રાજુલામાં ઔદીચ્ય બ્રહ્મસમાજ વાડી ખાતે યુવા સંગઠન આયોજીત રાસોત્સવમાં અમરેલી જિલ્લાના આગેવાનોએ



તસવીર : ગોપાલ રાઠોડ

મુલાકાત લીધી હતી. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા બીજેપી પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ચેતનભાઈ શિયાળ, પીઆઈ ચાવડા વગેરેનો સમાવેશ થાય છે. જીજ્ઞેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદૂર નિમિત્તે રાસોત્સવમાં બહેનોએ પરશુ રાસનું આયોજન કર્યું હતું.

# અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા નવરાત્રિમાં ચૈતન્ય દેવીઓની ઝાંખી

અમરેલી,તા.૦૨

અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા સિનિયર સિટીઝન પાર્કમાં મા જગદંબા, મા ખોડિયાર, મા લક્ષ્મી, મા સરસ્વતી, મા ઉમિયાની મનમોહક ઝાંખી લોકોના દર્શનાર્થે રજૂ કરવામાં આવી હતી. આ તકે નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, ડી.ડી.ઓ પંડયા, વિશ્વ હિન્દુ પરિષદના ડૉ. ગજેરા, યુવા ભાજપના મનીષભાઈ સંઘાણી, વેપારી મંડળના પ્રમુખ બિરજુભાઈ



અટારા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધરજિયા, શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, સંદિપભાઈ માંગરોળીયા, સુરેશભાઈ શેખવા, સંજયભાઈ રામાણી, હરેશભાઈ કાબરીયા, સંજયભાઈ વણઝારા, જયેશભાઈ પંડ્યા તથા અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાબેને માતાજીના ગરબાની જ્યોત જગાવી ઝાંખીને ખુલ્લી મુકેલ હતી.

# અમરેલીમાં લાયન્સ ક્લબ દ્વારા ગાંધી જયંતીની ઉજવણી

અમરેલી,તા.૦૨



લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા ૨ ઓક્ટોબરના રોજ ગાંધી બાગ ખાતે ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. લાયન્સ ક્લબના પ્રમુખ અને અન્ય સભ્યોએ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને 'ગાંધીજી અમર રહો..'ના નારા લગાવીને તેમના સંદેશાને અનુરુપ રહેવા લોકોને આહ્‌વાન કર્યું હતું. આ તકે પ્રમુખ બકુલભાઈ ભટ્ટ, રાજુભાઈ પરીખ, રજનીકાંત ધોરાજિયા, નંદલાલ તળાવિયા, દલસુખ રામોલિયા, મેહુલ બાબરિયા હાજર રહ્યા હતા.

# બગસરામાં અનેક રોડ પર ઠેકઠેકાણે ખાડા અને ભૂગર્ભ ગટરના ઢાંકણા ઊંડા ઉતર્યા

બગસરા,તા.૦૨

બગસરામાં નગરપાલિકાએ ભૂગર્ભ ગટરની સુવિધા આપી છે. આ સુવિધાનો વેરો પણ લેવાનું શરૂ કરુ કર્યું છે. પરંતુ હાલમાં શહેરના અનેક રોડ પર આ ભૂગર્ભ ગટરની તમામ કુંડીના ઢાંકણા રોડથી લગભગ અડધો અડધો ફૂટ તો વળી ક્યાંક તો એક ફૂટ ઊંડા ઉતરી ગયેલા જોવા મળી રહ્યા છે. તો વળી ક્યાંક તો સાવ



તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. હાલમાં જ બસ સ્ટેશનથી પશુ દવાખાના સુધીનો રોડ ૨૯ લાખના ખર્ચે નવો બનાવવામાં આવ્યો હતો, આ રોડ ઉપર સિમેન્ટની લેર પાથરવામાં આવી તે પણ એક સાઈડ પૂરતી પરંતુ હાલમાં ગટરના ઢાંકણા ક્યાંક ખુલ્લા તો ક્યાંક ઊંડા ઉતરેલા યથાવત રાખવામાં આવ્યા છે. જેના લીધે આ રોડ ઉપર ભયાનક અકસ્માત થવાનો ડર રહે છે. આથી આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# ગાંધી જયંતી અને શાસ્ત્રી જયંતી સાથે વિજ્યાદશમીની શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ત્રિવિધ ઉજવણી

અમરેલી,તા.૦૨

શ્રીજી વિદ્યાર્થી ભુવન, અમરેલી ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી અને વિજયાદશમી (દશેરા)ના પર્વની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સંચાલકે સાથે મળીને ગાંધીજીનું પ્રિય ભજન "વૈષ્ણવ જન




તો તેને રે કહીએ..." ગાયું હતું. આ ઉપરાંત, વકતૃત્વ સ્પર્ધાના માધ્યમથી વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવનના પ્રસંગોને વાગોળ્યા હતા. આ જ દિવસે દેશના પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતી પણ ઉજવવામાં આવી હતી. સાથે જ, વિજયાદશમી (દશેરા)ના ઉત્સવને પણ યાદ કરીને વિદ્યાર્થીઓને જીવનમાં દુર્ગુણો દૂર કરી તેના પર વિજય મેળવી પ્રગતિના પંથે આગળ વધવાની શીખ આપવામાં આવી હતી.

# નેસડી નજીક સિંગતેલ ભરેલું કન્ટેનર પલટી જતાં લોકોએ વાસણોમાં તેલ ભર્યું

અમરેલી,તા.૦૨

સાવરકુંડલા તાલુકાના નેસડી ગામ નજીક ગઈરાત્રે સિંગતેલ ભરેલું કન્ટેનર (GJ ૧૨ AT ૫૦૧૯) પલટી ખાઈ ગયું હતું. આ કન્ટેનર જૂનાગઢની ગણેશ ઓઈલ મીલમાંથી પીપાવાવ પોર્ટ તરફ જઈ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, રસ્તામાં પશુ



આડું ઉતરતાં ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે આ અકસ્માત થયો હતો. અકસ્માતને પગલે કન્ટેનરમાંથી સિંગતેલ લીક થવા લાગ્યું હતું. કન્ટેનરને સીધું કરીને બાદમાં રાત્રે સાવરકુંડલા તાલુકા પોલીસ મથક નજીક ઊભું રાખવામાં આવ્યું હતું. જોકે, પોલીસ સ્ટેશનની સામે જ આસપાસના લોકો લીક થતું સિંગતેલ પોતાના વાસણોમાં ભરીને લઈ ગયા હતા.










# ખેતી, ખેડૂતો અને ગામડાઓના સર્વાંગી વિકાસ માટે દરેક ગામે 'કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ'ની રચના થશે : દિલીપ સંઘાણી

અમરેલી, તા.૦૨


ગુજરાત રાજ્યના ખેતી, ખેડૂતો, પશુપાલકો અને ગ્રામ્ય જીવનના સર્વાંગી વિકાસને લક્ષ્યમાં રાખીને IFFCOના ચેરમેન અને કૃષિ અને ગ્રામવિકાસ પરિષદના સંસ્થાપક દિલીપભાઈ સંઘાણીએ દશેરાના પવિત્ર દિવસે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું છે કે, રાજ્યના દરેક ગામ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તરે 'કૃષિ અને ગ્રામવિકાસ પરિષદ'નું સંગઠન ઊભું કરવામાં આવશે. આ પરિષદનો મુખ્ય હેતુ સ્થાનિક સ્તરે પંચાયત અને સેવા સહકારી મંડળીઓના સમન્વયથી વિકાસને આગળ ધપાવવાનો છે. સંગઠન દ્વારા ગામડાઓને વિકાસ તરફ આગળ વધારવા, ખેતીમાં આધુનિક પરિવર્તન લાવવા, રોજગારી ઊભી કરવા, પશુપાલન અને મત્સ્યઉદ્યોગને પ્રોત્સાહન આપવા તેમજ 'વોકલ ફોર લોકલ'ના



સંકલ્પને સાકાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સેવાના આ મંત્રનું બીજ અમરેલી જિલ્લામાંથી રોપવામાં આવશે અને જિલ્લાના દરેક ગામે પરિષદની સ્થાપના થશે. ગામના વિકાસમાં જ્ઞાતિ-જાતિથી પર રહીને સેવાની જ્યોત પ્રગટાવવામાં આવશે. અમરેલી જિલ્લાના યુવાનો, ખેડૂતો, વ્યવસાયકારોને આ સંગઠનમાં જોડાવા માટે દિલીપભાઈ સંઘાણીએ અપીલ કરી છે. કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે અશ્વિનભાઈ સાવલીયાની વરણી કરવામાં આવી છે.

# અમરેલીમાં આવેલી સર્વોદય સોસાયટીમાં ભૂગર્ભ ગટરનું ઢાંકણું તૂટી જતા રહેવાસીઓ પરેશાન

અમરેલી,તા.૦૨



**કોન્ટ્રાક્ટરને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી કરવામાં ન આવતા રહીશોમાં ભારે રોષ**

અમરેલી શહેરમાં આવેલા ચિતલ રોડ પર સર્વોદય સોસાયટીના મુખ્ય માર્ગ પર ભૂગર્ભ ગટરનું ઢાંકણું તૂટી જતા આ સોસાયટીના રહેવાસીઓમાં ભારે હાલાકી જોવા મળી રહી છે. સર્વોદય સોસાયટીના રહેવાસીઓએ રોષભેર જણાવ્યું હતું કે કન્યા છાત્રાલયની સામે છેલ્લા ઘણા સમયથી ગટરનું ઢાંકણું તૂટી જતાં ગટરના ગંધાતા પાણી માર્ગ પર ફરી વળ્યા છે જેના કારણે રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગટરના ગંધાતા પાણીમાં ચાલવાને કારણે ગંધાતા પાણી ઘર સુધી પહોંચે છે આ બાબતે કોન્ટ્રાક્ટરને ફરિયાદ કરતા તેમના દ્વારા પણ કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી જેથી સોસાયટીના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

# અમરેલી શહેરમાં તમાકુના નિયમનો ભંગ કરનાર ૧૫ વેપારીઓ દંડાયા

અમરેલી,તા.૦૨

અમરેલીમાં નૂતન સ્કૂલ, નાગનાથ બસ સ્ટેન્ડ, મોટા બસ સ્ટેન્ડ, લીલીયા રોડ, ત્રિમંદિર, માર્કેટીંગ યાર્ડ, કેરીયા રોડ, બાયપાસ વિસ્તારમાં તમાકુના નિયમનો ભંગ કરવા બદલ ૧૫ વેપારીઓને રૂપિયા ૨૫૫૦નો દંડ કરવામાં આવ્યો હતો. જિલ્લા તમાકુ નિયંત્રણ સેલમાં આરોગ્ય, પોલીસ, પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ વિભાગ, એસટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની સંયુક્ત ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. તમાકુનું વેચાણ કરતા લારી ગલ્લા ઉપર ૧૮ વર્ષથી નાની ઉંમરનાંને તમાકુનું વેચાણ કરવું દંડનીય અપરાધ છે તેવું સૂચક બોર્ડ મુકેલ ન હોય, શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુની બનાવટોનું વેચાણ કરનાર, જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું સેવન કરનાર, ઈ-સિગારેટનું વેચાણ કરનાર વિગેરે સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ગજેરા કેમ્પસ વિદ્યાસભાના ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીના જન્મ દિવસની વૃક્ષારોપણ કરી પ્રેરણાત્મક ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા. ૦૨

તારીખ ૧ ઓક્ટોબરના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીનો જન્મદિવસ વિદ્યાર્થીઓને પ્રેરણા મળે તે રીતે આનંદમય માહોલમાં ઉજવાયો હતો. આ અવસરે શૈક્ષણિક ક્ષેત્રે વસંતભાઈ પેથાણીના યોગદાન અને તેમના શિક્ષણપ્રેમી દ્રષ્ટિકોણની ખાસ પ્રશંસા સાથે વિદ્યાર્થીઓએ કહયું



કે તેમનું વ્યક્તિત્વ, પ્રેરણા અને માર્ગદર્શન અમારા જીવનમાં નવો જુસ્સો, ઉર્જા અને સ્ફુર્તિ ભરે છે. પરમાત્મા તેમના જીવનની દરેક મનોકામનાઓ પૂર્ણ કરે અને શૈક્ષણિક ક્ષેત્રે તેમનું માર્ગદર્શન હંમેશાં મળતું રહે એવી પ્રાર્થના કરી હતી. તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું, જે દરેક વિદ્યાર્થી પોતાના જન્મદિવસ નિમિત્તે વૃક્ષ વાવી ઉજવણી કરે અને તે પોતાની કાયમી યાદગીરી વૃક્ષમાં જાળવી રાખે તે પ્રેરણા આપી હતી. વસંતભાઈ પેથાણી ગુણવત્તાયુક્ત શિક્ષણ અને નવતર શૈક્ષણિક પદ્ધતિઓ માટે પ્રયત્નશીલ રહ્યાં છે. જેના પરિણામે ગજેરા કેમ્પસ શૈક્ષણિક મેનેજમેન્ટમાં અલગ ઓળખ બનાવી શક્યા છે.

# સા.કુંડલા એસ.ટી. ડેપોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલાના ડેપો મેનેજર નથવાણી અને તેમની ટીમના સહયોગ અને સ્થાનિક નગરપાલિકાના સહયોગથી સફાઈ અભિયાનમાં વાહન પાર્કિંગ, સ્ટેન્ડ, ઓફિસો, શૌચાલયો અને બેન્ચો સહિત સમગ્ર ડેપો વિસ્તારની સઘન સફાઈ કરવામાં આવી હતી. એકત્ર કરેલો કચરો નગરપાલિકાના વાહનો દ્વારા યોગ્ય સ્થળે મોકલવામાં આવ્યો હતો.

**જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓની હાજરીમાં જાહેર સ્થળ પર ગ્રામસભા યોજવા માંગ**

# લીલીયામાં વિકાસના કામો થતા ન હોવાથી ગ્રામસભાનો ફિયાસ્કો

લીલીયા,તા.૦૨

લીલીયા મામલતદાર કચેરી ખાતે તા.૨ ના રોજ યોજાયેલી ખાસ ગ્રામસભા વિકાસના કામો ન થવાને કારણે વિવાદમાં આવી હતી.

શહેરમાં ભૂગર્ભ ગટર, નલ સે જલ યોજના અને આરોગ્ય કામગીરી સહિતની સમસ્યાઓનો ઉકેલ આવતો ન હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ હતો.

ગ્રામસભામાં એજન્ડા મુજબના જવાબદાર અધિકારીઓ-કર્મચારીઓ હાજર ન રહેતા ગ્રામજનોએ કાર્યવાહી પર રોક લગાવવા રજૂઆત કરી અને વિરોધ કર્યો હતો. આમ આદમી પાર્ટીના વિજયભાઈ વિરાણીએ



સ્થાનિક પ્રશ્નો ઉઠાવી, પંચાયત સત્તાધીશો અને અધિકારીઓની 'તાનાશાહી' સામે ઉગ્ર વિરોધ કર્યો અને રોષભેર ગ્રામસભા મોકૂફ રાખવાની માંગણી કરી હતી. ગ્રામજનોએ આગામી ગ્રામસભા જિલ્લા અને તાલુકા કક્ષાના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં જાહેર સ્થળ પર યોજવા માટે રજૂઆત કરી છે.

**જવાબદાર અધિકારીઓ જ હાજર રહેતા ન હોવાથી કાર્યવાહી પર રોક લગાડવાની રજૂઆત**

# અમરેલીમાં રાજપૂત સમાજનો શસ્ત્રપૂજન, સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લા રાજપૂત સમાજ દ્વારા જિલ્લા મથકે ભવ્ય શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને પરંપરાગત કાર્યક્રમમાં ગીરાસદાર રાજપૂત સમાજના અગ્રણીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. શસ્ત્રપૂજનની સાથે સમાજ દ્વારા સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ પણ યોજાયો હતો.



જેમાં રાજ્ય અને જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરાયા હતા. અમરેલી જિલ્લા ગીરાસદાર રાજપૂત સમાજના મંત્રી અજીતસિંહ ગોહિલે જણાવ્યું કે, દશેરાનો તહેવાર ક્ષત્રિય સમાજ માટે દિવાળી સમાન છે.

# બગસરાની સ્વસ્તિક નાગરિક શરાફી સહકારી મંડળીની ૧૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ

બગસરા,તા.૦૨

બગસરાની શ્રી સ્વસ્તિક નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની ૧૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં મંડળીએ ટુંક સમયમાં કરેલા વિકાસ અને અહેવાલ મંડળીના ચેરમેન મનોજભાઈ મહિડાએ રજૂ કરેલ. આ પ્રસંગે નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા,



ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા ભા.જ.પ. પ્રમુખ અતુલ કાનાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા, જિલ્લા સહકારી સંઘના મનીષ સંઘાણી, ભાગ્યલક્ષ્મી મહિલા શરાફી સહકારી મંડળીના ભાવનાબેન ગોંડલીયા, બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના રશ્વીનભાઈ ડોડીયા, અનિલભાઈ વેકરીયા, એ.વી. રીબડીયા, પ્રદીપ ભાખર, ઘનશ્યામ સાદરાણી, જિલ્લા પંચાયત સભ્ય ધીરુભાઈ માયાણી, લેઉવા પટેલ સમાજ પ્રમુખ રમેશભાઈ સુવાગીયા, કાંતિભાઈ સતાસીયા, ડો.કામળીયા, પ્રફુલભાઈ સેંજલીયા સહિતના હાજર રહ્યા હતા.

# અમરેલીના વાંકીયા ગામે આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

અમરેલી,તા.૦૨

અમરેલી તાલુકાના વાંકીયા ગામે આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. ડોક્ટર યાદવ તેમજ ડોક્ટર દીપક ચાવડાએ મેડિકલ સારવાર આપી હતી. આ કેમ્પમાં સરપંચ નયનાબેન દાંતેવડીયા અને તાલુકા પંચાયત સદસ્ય આશિષભાઈ અકબરીએ હાજરી આપી કાર્યક્રમમાં પ્રોત્સાહન આપ્યું હતું.

**જરૂરિયાતમંદ દર્દીઓએ આ કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લીધો**

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા
ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી
વગેરેના ટાયર
10% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો
ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ,
અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક,
ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# જિલ્લામાં સાંસદ ખેલ મહોત્સવના કન્વીનરોની જાહેરાત

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લામાં સાંસદ ખેલ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ગ્રામ્ય-તાલુકા અને જિલ્લા કક્ષાએ તાલુકાકક્ષાના કન્વીનરોની નિમણૂક કરવામાં આવી છે. સ્પર્ધાના કન્વીનરોના સંપર્ક માટે અમરેલી તાલુકાની સ્પર્ધામાં મોટા આંકડિયા જનતા વિદ્યાલય આયોજક રહેશે. તાલુકાના કન્વીનર પી.ડી. મીયાણી, સહ કન્વીનર રાજેશભાઈ ડોબરિયાનો સંપર્ક કરવાનો રહેશે. તેમજ ધારી તાલુકામાં જી.એન. દામાણી હાઈસ્કૂલમાં ડી.એલ. ચાવડા અને સહ કન્વીનર એન.બી.જોટવા, લીલીયાના કન્વીનર હસમુખભાઈ ખોરાળા, બાબરાના કન્વીનર ક્રિષ્ના ચૌધરી અને ભાવિનભાઈ બોકરવાડીયા, કુંકાવાવના કન્વીનર ડી.વી. પાદરીયા, બગસરાના કન્વીનર મનોજભાઈ મહીડા, ખાંભાના કન્વીનર અજિતસિંહ ગોહિલ, રાજુલાના કન્વીનર દીપકભાઈ ત્રિવેદી, જાફરાબાદના કન્વીનર સંગીતાબેન ચૌહાણ, સાવરકુંડલાના કન્વીનર વિપુલભાઈ દવેનો સંપર્ક કરવાનો રહેશે.



BLUE BUDDHA
END OF SEASON SALE
Buy Rs. 4490/- Rs. 500/-off
Buy Rs. 9990/- Rs. 1250/- off
Buy Rs. 14990/- Rs. 2000/- off
Buy Rs. 19990/- Rs. 3000/- off
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?



આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

**ફોર વ્હીલ ઉપર ચડાવી દઈ નીચે પછાડી દીધા**

# રાજુલામાં જમીન વિવાદમાં જીવલેણ હુમલો: બે લોકો ગંભીર

રાજુલા, તા.૦૨

રાજુલા ખાતે જમીન વિવાદના કારણે ત્રણ શખ્સોએ ફરિયાદી અને એક સાક્ષી પર જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં ફરિયાદીને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમાં તેમના બંને હાથ અને પગ ભાંગી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે મહેબુબભાઈ હકીમભાઈ જોખીયા (ઉ.વ.૪૪)એ રૈયાજ રસુલભાઈ જોખીયા, જાફરભાઈ ઉમરભાઈ જોખીયા તથા યુસુફભાઈ નાથાભાઈ જીરૂકા સામે ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ફરિયાદી અને જાફરભાઈ ઉમરભાઈ જોખીયા વચ્ચે રાજુલા બાયપાસ રોડ પાસે આવેલી જમીન બાબતે વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદ સંદર્ભે તેમણે રાજુલા કોર્ટમાં દીવાની દાવો દાખલ કર્યો હતો. આરોપીઓએ તેમને આ કેસ પાછો ખેંચી લેવા અને તેમની ૪૪ વીઘા જમીન પડાવી લેવાના હેતુથી હુમલો કર્યો હતો. આરોપીઓ ફોર વ્હીલમાં આવ્યા હતા. રૈયાજ જોખીયાએ તેમને અને સાક્ષીને જાનથી મારી નાખવાના ઈરાદે પોતાના કબજાની ફોર વ્હીલ તેમની ઉપર ચડાવી દઈને તેમને નીચે પછાડી દીધા હતા. જે બાદ તેઓ ગાડીમાંથી લોખંડની પાઈપ લઈને નીચે ઉતર્યા હતા અને બંને હાથ પર આડેધડ લોખંડના પાઈપ વડે ઘા મારીને બંને હાથ ભાંગી નાખીને ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત, તેણે સાક્ષીના માથાના ભાગે પાઈપનો એક ઘા મારીને ઈજા પહોંચાડી હતી. તેમજ બંને પગથી ઉપરના ભાગે સાથળ સુધી ઘા મારીને ફરિયાદીના બંને પગ ભાંગી નાખ્યા, જેના કારણે તેમને ગંભીર જીવલેણ ઈજાઓ થઈ હતી. હુમલાના અંતે આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ જીવલેણ હુમલા બાદ ફરિયાદી અને સાક્ષીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.ડી. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

**જાનથી મારવાની ધમકી પણ આપી**

# રાજુલામાં મહિલાએ મહિલાને ફડાકા ઝીંકી મારી નાખવાની ધમકી આપી

રાજુલા, તા.૦૨

રાજુલામાં મહિલાએ જ મહિલાને ફડાકા ઝીંક્યા હતા. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી.

બનાવ સંદર્ભે મનીષાબેન શૈલેષભાઈ જોગદીયા (ઉ.વ.૩૦)એ સુનીબેન મહેશભાઈ મહીડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, સુનીબેન મહીડાએ તેમને ફોન કરીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત રૂબરૂમાં મળીને ગાલ પર બે ત્રણ ઝાપટ મારી હતી. ઢીકાપાટુનો મુંઢમાર મારીને ઈજા પહોંચાડી, જાનથી મારવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**ઢીકાપાટુનો મુંઢમાર પણ માર્યો**

# અમરેલીમાં કમ્પ્યુટર ક્લાસ સંચાલક પર અજાણી અરજીના વહેમમાં હુમલો

**માર મારી નાકનું હાડકું તોડ્યું**

અમરેલી, તા.૦૨

અમરેલીમાં એક અનોખી ઘટના સામે આવી હતી, જેમાં એક વ્યક્તિએ તેના પર અનામી અરજીઓ કરવાનો વહેમ રાખીને બીજા વ્યક્તિ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદીને નાકના ભાગે ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે કમ્પ્યુટર ક્લાસ સંચાલક મિતલભાઈ જીવણભાઈ કગથરા (ઉ.વ.૪૨)એ મેરામભાઈ જીણાભાઈ વાઘેશી, શેલાપરા તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મેરામભાઈ વાઘેશીને એવી શંકા હતી કે તેઓ તેના વિરુદ્ધમાં કોઈ અનામી અરજીઓ કરી રહ્યા છે. આ શંકાનો ખાર રાખીને આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચીને ફરિયાદી પર હુમલો કર્યો હતો. આરોપીઓએ સૌ પ્રથમ તેમની સાથે ગાળાગાળી કરી હતી. ત્યારબાદ ઢીકાપાટુનો માર માર્યો હતો, જેના કારણે ફરિયાદીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં તેમને નાકના ભાગે ફ્રેક્ચર થયું હતું. આ સિવાય, તેમને પડખાના ભાગે અને જમણી આંખ પાસે પણ મુંઢ ઈજાઓ થઈ હતી.

આરોપીઓએ તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા નગરપાલિકા ખાતે શહેરી ફેરિયાઓનો લોક કલ્યાણ મેળો યોજાયો

સાવરકુંડલા,તા.૦૨



સાવરકુંડલા નગરપાલિકા ખાતે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત શહેરી ફેરિયાઓ માટે એક લોક કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો શુભારંભ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ, ઉપ પ્રમુખ પ્રતિકભાઈ, ચીફ ઓફિસર સાવનભાઈ રતાણી સહિતના મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત મળતા લાભ અને યોજના વિશે શહેરી ફેરિયાઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કેનેરા બેંકના મેનેજર નિતાબેન દ્વારા શહેરી ફેરિયાઓને સ્થળ પર જ લોનના સેન્સન લેટર આપવામાં આવ્યા હતા. આ મેળામાં શહેરી ફેરિયાઓને પ્રોફાઈલ, સેન્સન તેમજ UPI ID અંગેની તમામ કામગીરી સ્થળ પર જ પૂર્ણ કરી આપવામાં આવી હતી.

# સાવરકુંડલાના ગાધકડા ગામે રામજી મંદિરે નવરાત્રિ મહોત્સવની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૦૨



સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે આસો સુદ એકમથી નોમ સુધી શ્રી રામજી મંદિર ખાતે ભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને આસપાસના વિસ્તારના ભક્તોએ ભાગ લીધો હતો. મંદિર પરિસરને રંગબેરંગી રોશની અને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું, જેના કારણે આખું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. નવ દિવસ સુધી માતાજીની ભવ્ય આરતી અને પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષોએ ભાગ લીધો હતો. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને ખેલૈયાઓએ મન મૂકીને રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ મહોત્સવને સફળ બનાવવા માટે શ્રી રામજી મંદિરના પૂજારી ગોંડલીયા જગદીશભાઈ, અશોકભાઈ, આશારામભાઈ અને ગામના યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ડેડાણ ગામે મફતપરામાંથી ત્રણ શકુની ઝડપાયા, પાંચ ફરાર

ખાંભા, તા.૦૨

**પોલીસે ૧૫૦૦ રોકડા જપ્ત કર્યા**

ખાંભાના ડેડાણ ગામે મફતપરામાંથી પોલીસે ત્રણ જુગારીને ઝડપી પાડ્યા હતા. પાંચ ફરાર થઈ ગયા હતા. ડેડાણ ગામે ધનજીભાઈ રણછોડભાઈ મકવાણાના રહેણાંક મકાન પાસે જાહેર જગ્યામાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તી નામનો પૈસા પાના વડેનો હાર-જીતનો જુગાર રમતા શામજીભાઈ રણછોડભાઈ મકવાણા, ધીરૂભાઈ નાનજીભાઈ સાંખટ, ધરમશીભાઈ સામતભાઈ ધાપા રોકડા ૧૫૦૦ સાથે ઝડપાયા હતા. જ્યારે અબુભાઈ ઈસાભાઈ અગવાન, સલીમભાઈ અગવાન, ધનજીભાઈ રણછોડભાઈ મકવાણા, મુનાભાઈ જાદવભાઈ પરમાર, રજાકભાઈ હાજીભાઈ સમા ફરાર થઈ ગયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.એચ. મહેતા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના અનીડા ગામે જુગારની બાતમી આપવાના વહેમમાં વ્યક્તિ પર હુમલો

**યુવકને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો**

ખાંભા, તા.૦૨

ખાંભાના અનીડા ગામે જુગારના કેસની બાતમી આપવાના આક્ષેપ સાથે એક વ્યક્તિ પર હુમલો કરવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો હતો. આ હુમલામાં ફરિયાદીને લાકડીના ફટકા મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ સંદર્ભે પીન્ટુભાઈ બહાદુરભાઈ સાથળીયા (ઉ.વ.૧૯)એ મુન્નાભાઈ ભુરાભાઈ મુંધવા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીને એવી શંકા હતી કે તેમણે અગાઉ તેના પર થયેલા જુગારના કેસ અંગે પોલીસને બાતમી આપી હતી. આ વાતનો રાગદ્વેષ રાખીને આરોપીએ તેની પર હુમલો કર્યો હતો. આરોપીએ તેમને ગાળો આપીને લાકડી વડે માર માર્યો હતો. આ હુમલામાં ફરિયાદીને શરીરના નીચેના અને મધ્ય ભાગમાં ગંભીર ઈજાઓ થઈ હતી.

હુમલા બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશના હેડ કોન્સ્ટેબલ એન. પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અગિયારસ
તા. ૦૩-૧૦-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૪,
સૂર્યાસ્ત-૦૬:૦૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૦૩-૧૦-૨૦૨૫ શુક્રવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકર: લવમેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

**લગ્નના ચાર મહિનામાં જ સાસરિયાએ અસલી રંગ બતાવ્યો**

# સાવરકુંડલાના વિજપડી ગામે પરિણીતાને પતિએ મારી નાખવાની ધમકી આપી

**સાસરિયાએ કરિયાવર મુદ્દે મેણાટોણા માર્યા**

અમરેલી, તા.૦૨

અમરેલીમાં રહેતી એક યુવતીના લગ્ન સાવરકુંડલાના વિજપડી ગામના યુવક સાથે થયા હતા. લગ્નના ચાર મહિનામાં સાસરિયાએ કરિયાવર મુદ્દે મેણાટોણા મારી કનડગત કરી હતી. તેમજ પતિએ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મુસ્કાનબેન મહમદભાઈ ગાહા (ઉ.વ.૨૫)એ પતિ મહમદભાઈ હુસેનભાઈ ગાહા, સાસુ નજુબેન હુસેનભાઈ ગાહા, નણંદ રસીદાબેન આરીફભાઈ ગાહા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના નિકાહ બાદ તા. ૦૫-૦૫-૨૦૨૫થી ૦૮-૦૮-૨૦૨૫ દરમિયાન કરિયાવર બાબતે મેણાટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપ્યો હતો તેમજ ગાળો બોલી ઢીકાપાટુ માર્યા હતા. પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. આદ્રોજા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી નશામાં ચૂર થઈને ડોલતાં ૯ ઝડપાયા

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં ચૂર થઈને ફરતાં ૯ ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

એક મહિલા સહિત પાંચ લોકો પાસેથી ૧૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# જિલ્લામાં ૩૬ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૩૬ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો.

જેમાં ૧૦ મહિલાઓ પણ હતી. આ સિવાય જિલ્લામાં ૨૮ શખ્સો નશામાં ચૂર થઈને ફરતા મળી આવ્યા હતા.

# 'તું કંઈ સરખું કામ કરતી નથી' કહી સાસુએ પુત્રવધૂને ઢીકાપાટુ માર્યા

ચલાલા, તા.૦૨

ચલાલામાં રહેતી એક પરિણીતાને તેના સાસુએ તું કંઈ સરખું કામ કરતી નથી તેમ કહી વાંસામાં ઢીકાપાટુ માર્યા હતા. તેમજ પતિએ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે હાલ રાજુલાના વાવેરા ગામે રહેતી નીતાબેન કાનજીભાઈ રાઠોડ (ઉ.વ.૨૭)એ ચલાલામાં રહેતા પતિ કાનજીભાઈ વલ્લભભાઈ રાઠોડ, સસરા વલ્લભભાઈ રાઠોડ, સાસુ નિમુબેન વલ્લભભાઈ રાઠોડ, નણંદ કાજલબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના સાસુએ 'તું કંઈ સરખું કામ કરતી નથી' તેમ કહી ઝઘડો કર્યો હતો. પતિ, સાસુ, સસરા તથા નણંદે જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ પતિએ તેમને ગાલ ઉપર ઝાપટો મારી શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજા પહોંચાડી હતી. તેમજ ગળાચીપ દીધી હતી. સાસુ તથા નણંદે વાંસામાં ઢીકા મારી મુંઢ ઈજા કરી હતી. પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

**ચલાલામાં બનાવ બન્યો**

# સાવરકુંડલા તાલુકાના દેતડ ગામથી ભાક્ષી જવાના રસ્તા પર કાદવ-કીચડનું સામ્રાજ્ય



સાવરકુંડલા તા.૦૨

સાવરકુંડલા તાલુકાના દેતડ ગામથી ભાક્ષી જવાનો રસ્તો અતિ બિસ્માર છે. છેલ્લા દસ વર્ષની રજૂઆત હોવા છતાં નિરાકરણ આવ્યું નથી. રાહદારીઓ અને ખેડૂતો પરેશાન થઈ ગયા છે. અહીં વિકાસની પરિભાષા આ કઈ પ્રકારની છે એ બાબતે પણ મનોમંથન જરૂરી છે. તંત્રના બહેરા કાને લોકોનો આર્તનાદ કેમ પહોંચતો નથી કે અથડાઈને પરત ફરે છે તે પ્રશ્ન થયો હતો.

# રાજુલામાં યુવતી મધરાત્રે ઘરેથી ચાલી નીકળી

રાજુલા, તા.૦૨

રાજુલામાં રહેતી એક યુવતી મધરાત્રે ઘરેથી ચાલી નીકળી હતી. બનાવ અંગે અશોકભાઈ ઠાકરશીભાઈ રાઠોડ (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, ભાર્ગવીબેન (ઉ.વ.૧૮) રાત્રે બે વાગ્યાની આસપાસ ઘરેથી કોઈને કંઈ પણ જાણ કર્યા વગર ક્યાંક જતી રહી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ શામજીભાઈ બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# અમેરિકામાં લોકશાહીના મૂલ્યોનું અધ:પતન

અમેરિકામાં ફરી એકવાર સરકારી શટડાઉનનો ભોગ બનેલા સાત લાખ લોકોની વાત કરવી, એ એક અસહ્ય વેદનાની વાત છે. એવા દેશમાં, જે પોતાને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા કહેવાય છે, ત્યાં સરકારી કર્મચારીઓને તેમના મૂળભૂત અધિકારો – નોકરી અને વેતન –થી વંચિત રાખવામાં આવે છે, એ તેના લોકશાહીના મહાન મૂલ્યો પર એક મોટું પ્રશ્નચિહ્ન છે. પૂર્વ ભૂમિકા રૂપે જોઈએ તો અમેરિકાની લોકશાહી એ વિશ્વભરમાં પ્રખ્યાત છે. તેનું સૂત્ર છે કે 'સરકાર લોકોના દ્વારા, લોકો માટે અને લોકોની' એ સિદ્ધાંત પર ટકી છે. અહીં, દર ચાર વર્ષે લોકો પોતાના રાષ્ટ્રપતિની પસંદગી કરે છે. આ ચૂંટણી પ્રક્રિયા ખૂબ જ લાંબી અને સખત હોય છે, પરંતુ તે દરેક નાગરિકનો અવાજ સાંભળે છે. અત્યાર સુધી અમેરિકન લોકશાહી એક સજીવ અને વિકસિત થતી વ્યવસ્થા હતી પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના તંત્રને ગંભીર નુકસાન પહોંચાડ્યું. સાત લાખ લોકોને નોકરીમાંથી કાઢી મૂકી અમેરિકામાં ભયંકર અવ્યવસ્થા ઉભી કરી છે. અમેરિકાનો ભૂતકાળ ભવ્ય છે, તેના મૂલ્યો વિશ્વ માટે આદર્શ ગણાતા હતા. અમેરિકાની લોકશાહી વિશ્વભરમાં તેના મજબૂત સિદ્ધાંતો, સ્થાયિત્વ અને લોકપ્રિય સહભાગિતા માટે પ્રખ્યાત છે. આ લોકશાહીનો મૂળ આધાર ×સરકાર લોકોના દ્વારા, લોકો માટે અને લોકોની× એ શબ્દોમાં સમાયેલા સિદ્ધાંત પર ટકી છે, જે દરેક નાગરિકને રાષ્ટ્રની દિશા નક્કી કરવામાં સીધા ભાગીદાર બનાવે છે. અહીં દર ચાર વર્ષે લોકો સીધી રીતે પોતાના રાષ્ટ્રપતિની પસંદગી કરે છે, પરંતુ આ પ્રક્રિયા માત્ર રાષ્ટ્રપતિ પસંદગી સુધી મર્યાદિત નથી. સંઘીય, રાજ્ય અને સ્થાનિક સ્તરે સતત ચાલતી ચૂંટણી પ્રક્રિયા લોકશાહીને એક જીવંત અને સક્રિય પ્રક્રિયા બનાવે છે. અમેરિકન લોકશાહીનો બીજો મહત્વપૂર્ણ આધાર તેનું સંવિધાન છે, જે લગભગ ૨૫૦ વર્ષ જૂનું હોવા છતાં આજે પણ પ્રાસંગિક બની રહ્યું છે. આ સંવિધાનની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા તેનું લચીલાપણું છે, જે સમય અને જરૂરિયાત મુજબ સુધારો કરવાની મંજૂરી આપે છે. સંવિધાન સરકારની શક્તિને ત્રણ સ્વતંત્ર ભાગોમાં વહેંચે છેઃ કાયદા બનાવવા માટેની વિધાનસભા, તેમને લાગુ કરવા માટેની કાર્યપાલિકા અને તેમનો અમલ કરવા માટેની ન્યાયપાલિકા. આ ત્રણેય ભાગો એકબીજાથી સ્વતંત્ર રહીને કાર્ય કરે છે, જેથી કોઈ એક વ્યક્તિ અથવા સંસ્થા પાસે સમગ્ર શક્તિ કેન્દ્રિત ન થાય. આ વ્યવસ્થા શક્તિના સંતુલન અને નિયંત્રણનો સિદ્ધાંત સ્થાપે છે. અમેરિકન લોકશાહીની ત્રીજી વિશેષતા મૂળભૂત અધિકારોની હાજરી છે. અહીંના નાગરિકોને બોલવાની સ્વતંત્રતા, ધર્મ પાળવાની સ્વતંત્રતા, સમાવેશની સ્વતંત્રતા, સરકારની ભલામણ કરવાની સ્વતંત્રતા અને પ્રેસની સ્વતંત્રતા જેવા મહત્વપૂર્ણ અધિકારો પ્રાપ્ત છે. લોકો કોઈપણ વિચાર ધરાવી શકે છે અને તેને શાંતિપૂર્ણ રીતે વ્યક્ત કરી શકે છે. આ સ્વતંત્રતાને લોકશાહીનું હૃદય સમજી શકાય, જે વિવિધ વિચારધારાઓ અને મતોના સંઘર્ષ માટે સ્થાન પૂરું પાડે છે. અમેરિકન લોકશાહીની ચોથી વિશેષતા તેની સહિષ્ણુતા અને બહુમુખી સંસ્કૃતિ છે. વિવિધ પૃષ્ઠભૂમિ, સંસ્કૃતિ અને માન્યતાઓ ધરાવતા લોકો એકસાથે રહીને લોકશાહી પ્રક્રિયામાં ભાગ લે છે. આ બહુવિધતા લોકશાહીને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવે છે. દરેક વર્ગ અને સમુદાયને અવાજ ઉઠાવવાની તક મળે છે, જે સામાજિક ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોને પુષ્ટિ આપે છે. પરંતુ કોઈપણ મોટી વ્યવસ્થાની જેમ, અમેરિકન લોકશાહીનો માર્ગ પણ સંપૂર્ણ સરળ નથી.

# યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સો વર્ષના વારસાનો ગૌરવવંતો ઇતિહાસ

ભારતના ઈતિહાસમાં યુનિયન પબ્લિક સર્વિસ કમિશન ૧૦૦ પુરા કરે છે ત્યારે અનેક ભારતીઓને પ્રમાણિકતા, રાષ્ટ્ર નિર્માણની તાલીમ આપવામાં આ સંસ્થાએ સિંહફાળો આપેલો છે. એક સ્વતંત્ર જાહેર સેવા આયોગની કલ્પના સૌપ્રથમ ભારત સરકાર અધિનિયમ-૧૯૧૯માં કરવામાં આવી હતી, જેણે ભવિષ્યની રૂપરેખા તૈયાર કરી. ત્યારબાદ, ૧૯૨૪ના લી કમિશનની ભલામણોના આધારે ઓક્ટોબર ૧૯૨૬માં જાહેર સેવા આયોગની સ્થાપના થઈ. આ એક એવું પગલું હતું જેણે મેરિટ આધારિત ભરતીના યુગનો પ્રારંભ કર્યો. ૧૯૩૫માં ફેડરલ જાહેર સેવા આયોગ તરીકે પુનર્ગઠિત થયા બાદ, તેને આખરે ૧૯૫૦માં પ્રજાસત્તાકના જન્મ સાથે બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો. શરૂઆતમાં માત્ર થોડી પરીક્ષાઓ યોજવાથી માંડીને, આજે (UPSC) એ સિવિલ સર્વિસીસ, એન્જિનિયરિંગ, વનીકરણ અને તબીબી સેવાઓ સહિતના વિશાળ અને વૈવિધ્યસભર પોર્ટફોલિયોનું સંચાલન કરીને પોતાનો પ્રભાવ વિસ્તાર્યો છે. આ ગૌરવશાળી પ્રવાસ દર્શાવે છે કે, (UPSC) માત્ર એક ભરતી સંસ્થા નથી, પણ ભારતીય શાસન વ્યવસ્થાની અખંડિતતા અને શ્રેષ્ઠતાનું પ્રતિક છે. ભારત તેના પ્રજાસત્તાકના ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) તેના અસ્તિત્વના ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર ઉભું છે. જાહેર સેવા કમિશન (PSC)ની કલ્પના આપણા પૂર્વજોએ બંધારણીય સંસ્થાઓ, સિવિલ સેવાઓમાં યોગ્યતાના રક્ષક તરીકે કરી હતી, જે વિશ્વના સૌથી વૈવિધ્યસભર અને સૌથી મોટા લોકશાહીમાં શાસનનું વિશાળ કાર્ય સંભાળે છે. તે મુજબ યુપીએસસીને સેન્ટ્રલ સિવિલ સર્વિસીસના અધિકારીઓની ભરતી, બઢતી અને શિસ્તમાં મહત્વપૂર્ણ ભૂમિકા સોંપવામાં આવી હતી. બંધારણના ભાગ XIVની કલમ ૩૧૫થી ૩૨૩માં સંઘ અને રાજ્ય જાહેર સેવા આયોગોને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે. જેનો હેતુ તેમની સ્વતંત્રતા અને સ્વાયત્તતાનું રક્ષણ કરવા અને ભરતી, બઢતી અને શિસ્તના મુદ્દાઓ ભય કે પક્ષપાતથી મુક્ત રહે તે સુનિશ્ચિત કરવાનો હતો.

ભારતમાં સ્વતંત્ર જાહેર સેવા આયોગનો પ્રથમ ઉલ્લેખ ભારત સરકાર અધિનિયમ-૧૯૧૯માં જોવા મળે છે. ૧૯૨૪ના લી કમિશનની ભલામણો પછી ઓક્ટોબર ૧૯૨૬માં જાહેર સેવા આયોગની સ્થાપના કરાઈ હતી. ૧૯૩૫માં તેનું ફેડરલ જાહેર સેવા આયોગ તરીકે પુનર્ગઠન કરાયું હતું. ૧૯૫૦માં પ્રજાસત્તાકના જન્મ સાથે તેને યુપીએસસી તરીકેનો વર્તમાન બંધારણીય દરજ્જો




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

પ્રાપ્ત થયો હતો. શરૂઆતના વર્ષોમાં માત્ર થોડી પરીક્ષાઓ યોજવાથી માંડીને આજે યુપીએસસી પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસીસ પરીક્ષાથી લઈને એન્જિનિયરિંગ, વનીકરણ, દવા અને આંકડાશાસ્ત્ર અને અન્ય વિશિષ્ટ સેવાઓ સુધીના વિશાળ અને વૈવિધ્યસભર પોર્ટફોલિયોનું સંચાલન કરે છે. જો યુપીએસસીનો ઈતિહાસ તેનો પાયો છે, તો વિશ્વાસ, પ્રામાણિકતા અને નિષ્પક્ષતાના સિદ્ધાંતો તેના પાયાના પથ્થરો છે. દાયકાઓથી લાખો ઉમેદવારોએ કમિશનમાં વિશ્વાસ મૂક્યો છે. તેઓ માને છે કે, સફળતા કે નિષ્ફળતા ફક્ત તેમની લાયકાત પર આધાર રાખે છે. આ વિશ્વાસ પ્રક્રિયામાં પારદર્શિતા, મૂલ્યાંકનમાં નિષ્પક્ષતા અને ગેરરીતિઓ સામે અડગ વલણ દ્વારા તે મહેનતથી મેળવેલો છે. પ્રશ્નપત્રોની તૈયારીથી લઈને દેશભરમાં તેમના સુરક્ષિત સંચાલન સુધી, પરીક્ષાઓની પવિત્રતા અત્યંત કાળજી સાથે જાળવવામાં આવે છે. પ્રામાણિકતાનો અર્થ છે કે, સંસ્થાને રાજકીય અથવા બાહ્ય દબાણથી સુરક્ષિત રાખવી, ગુપ્તતા જાળવી રાખવી અને ખાતરી કરવી કે સફળ થનારાઓ ખરેખર સૌથી વધુ લાયક છે. નિષ્પક્ષતાનો અર્થ છે કે, શહેરી કે ગ્રામીણ, વિશેષાધિકૃત કે વંચિત અથવા અંગ્રેજીમાં અસ્ખલિત હોય કે ન હોય તેવા તમામ પૃષ્ઠભૂમિના ઉમેદવારોને સમાન તકો પૂરી પાડવી. સમયની સાથે યુપીએસસીની ભરતી પ્રક્રિયા અને પરીક્ષા પેટર્નમાં ફેરફારો કરાયા છે. યુપીએસસીમાં એક સમયે ઉચ્ચ કક્ષાના શહેરી કેન્દ્રોમાંથી પસંદગીના કેટલાક ઉમેદવારોનું પ્રભુત્વ હતું. આજે સિવિલ સર્વિસીસ પરીક્ષા ભારતના લગભગ દરેક જિલ્લામાંથી, દૂરના અને સૌથી વંચિત વિસ્તારોમાંથી પણ ઉમેદવારોને આકર્ષે છે. પ્રારંભિક પરીક્ષા માટે આશરે ૧૦-૧૨ લાખ અરજદારોથી શરૂ કરીને, કમિશન તેના શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે, તે માત્ર ઉજવણી માટે જ નહીં પરંતુ ચિંતન માટે પણ એક ક્ષણ છે. આ શતાબ્દી વર્ષે ભૂતકાળનું સન્માન કરવાનો, વર્તમાનની ઉજવણી કરવાનો અને આગામી સદી માટે એક દ્રષ્ટિકોણ નક્કી કરવાનો અવસર છે. મુખ્ય પરીક્ષાના ઉમેદવારો પાસે ૪૮ વિષયોમાંથી પસંદગી કરવાનો અને તેમના જવાબો અંગ્રેજી અથવા ભારતના બંધારણ હેઠળ માન્ય ૨૨ ભાષાઓમાંથી કોઈપણમાં લખવાનો વિકલ્પ હોય છે. ત્યાર બાદ ઉમેદવારોનું મૂલ્યાંકન એક જ ગુણવત્તા આધારિત રેન્કિંગમાં કરાય છે. આજે જ્યારે યુપીએસસીની શતાબ્દી ઉજવી રહ્યા છીએ ત્યારે, તેની નોંધપાત્ર સફળતા પાછળના અજાણ્યા નાયકો- પ્રશ્નપત્ર સેટર્સ અને મૂલ્યાંકનકારોનું સન્માન કરવું પણ એટલું જ યોગ્ય છે, જેઓ કમિશનની કરોડરજ્જુ છે. આ દેશના કેટલાક શ્રેષ્ઠ શિક્ષણવિદો અને નિષ્ણાતો છે. દરેકે પોતપોતાના ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવી છે, છતાં તેઓ ઓળખ કે ખ્યાતિ મેળવ્યા વિના ખંતપૂર્વક સેવા આપે છે. તેમની અતૂટ પ્રતિબદ્ધતા યુપીએસસીની ન્યાયી, પારદર્શક અને મજબૂત પસંદગી પ્રક્રિયા ચલાવવાની ક્ષમતાનો પાયો રહી છે. હું વ્યક્તિગત રીતે દરેકનો તેમની નિ:સ્વાર્થ સેવા માટે સૌનો આભાર માનુ છું. આ શતાબ્દી વર્ષ ભૂતકાળનું સન્માન કરવાનો, વર્તમાનની ઉજવણી કરવાનો અને આગામી સદી માટે એક દ્રષ્ટિકોણ નક્કી કરવાનો અવસર છે.

**UPSC : ગૌરવશાળી ઇતિહાસનું બીજું નામ એટલે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન.**
**આ ઇતિહાસ કોઈ સામાન્ય સફર નથી, પરંતુ રાષ્ટ્રનિર્માણના મજબૂત પાયા સમાન છે**

## માર્કેટયાર્ડના ભાવ

**અમરેલી શાકભાજી**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૯૦ | ૨૦૦ |
| ટમેટાં | ૩૦૦ | ૪૫૦ |
| સુરણ | ૭૨૦ | ૮૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૩૨૦ | ૫૦૦ |
| કારેલા | ૨૫૭ | ૪૦૦ |
| ગલકા | ૨૨૦ | ૩૦૦ |
| મૂળા | ૨૧૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૨૦ |
| ગુવાર | ૪૨૦ | ૯૮૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| હળદળ લીલી | ૯૮૦ | ૧૨૩૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૫૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૨૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૮૦ |
| મરચાં લીલાં | ૨૦૦ | ૭૮૦ |
| મરચાં લાલ | ૧૧૦ | ૧૫૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૪૦૦ |
| લસણ સુકું | ૫૪૦ | ૧૨૪૦ |
| ચીભડા | ૪૦૦ | ૬૨૦ |
| લીબુ | ૫૦૦ | ૮૦૦ |
| પાલક | ૫૦૦ | ૭૮૦ |
| **લીલીયા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૧ |
| કપાસ સી ગ્રેડ | ૬૬૦ | ૯૯૯ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૦૭૨ | ૧૨૮૧ |
| અડદ | ૯૪૪ | ૯૪૪ |

# આરબીઆઈ દ્વારા બીજી વખત રેપો રેટ ૫.૫૦ રાખવા સર્વાનુમતે નિર્ણય

મુંબઈ,તા.૦૨

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની મોનિટરી પોલિસી કમિટી (એમપીસી)એ ત્રણ દિવસની બેઠકના અંતે સતત બીજી વખત રેપો રેટ ૫.૫૦ ટકા યથાવત રાખવા સર્વાનુમતે નિર્ણય કર્યો હતો. અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર લાગુ કરાયેલ ૫૦ ટકા ટેરિફની અસર કેવી રહે છે તે સ્પષ્ટ થાય ત્યાં સુધી આરબીઆઈ વ્યાજ દર અંગે વધુ નિર્ણય પહેલા રાહ જોવા માગે છે એટલું જ નહીં ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં કરાયેલા ઘટાડા અને રેપો રેટમાં અગાઉના કપાતના પરિણામોનો પણ રિઝર્વ બેન્ક અંદાજ મેળવવા માગે છે. રેપો રેટ યથાવત રખાતા લોનના ઈએમઆઈ તથા લોન પરના વ્યાજ દરમાં હાલમાં ઘટાડો નહીં થાય. ત્રણ દિવસની બેઠકના અંતે રિઝર્વ બેન્કે વર્તમાન નાણાં વર્ષ માટેના આર્થિક વિકાસ દરના પોતાના અંદાજને ૬.૫૦ ટકા પરથી વધારી ૬.૮૦ ટકા કર્યો છે અને ફુગાવાની ધારણાં પણ જે અગાઉ ૩.૧૦ ટકા મૂકી હતી તે ઘટાડી ૨.૬૦ ટકા કરી છે જે ૪ ટકાના ટાર્ગેટની સરખામણીએ નોંધપાત્ર નીચી છે. અમેરિકાના ટેરિફની કોઈપણ શકય અસર સામે અર્થતંત્રને ટેકો પૂરો પાડવા આવનારા મહિનાઓમાં રેપો રેટમાં કપાતના રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ સંકેત પણ આપ્યા હતા. છ સભ્યોની એમપીસીએ રેપો રેટ ૫.૫૦ ટકા જાળવી રાખવા સર્વાનુમતે નિર્ણય કર્યો હતો. ન્યુટ્રલ સ્ટાન્સને પણ યથાવત રખાયું છે. ન્યુટ્રલ વલણને કારણે એમપીસી ભવિષ્યમાં આવશ્યકત જણાશે તે પ્રમાણે વ્યાજ દરમાં ફેરબદલ કરવાનો વિકલ્પ ખુલ્લો રાખે છે.

# ૨૦૨૫ની ચેમ્પિયન આરસીબી રૂા.૧૭૦૦૦ કરોડમાં વેચાશે?

મુંબઈ,તા.૦૨



૨૦૨૫ની IPL ચેમ્પિયન, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ને લગભગ રૂ.૧૭,૦૦૦ કરોડમાં વેચી શકાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વેક્સીન મેન્યુફેક્ચર સીરમ ઈન્સ્ટિટ્યૂટના CEO અદાર પૂનાવાલા ફ્રેન્ચાઈઝી ખરીદવા માટે બોલી લગાવી રહ્યા છે. તેમની X-પોસ્ટે આ અટકળોને વેગ આપ્યો છે. બુધવારે, અદાર પૂનાવાલાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "RCB યોગ્ય વેલ્યૂએશન પર એક મહાન ટીમ છે." અગાઉ, IPLના સ્થાપક લલિત મોદીએ કહ્યું હતું કે એવું લાગે છે કે RCBના માલિકોએ વેચાણનો અંતિમ નિર્ણય લઈ લીધો છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે RCBની પેરેન્ટ કંપની, ડિયાજિયો, તેનો સંપૂર્ણ હિસ્સો વેચશે કે માત્ર એક ભાગ. ડિયાજિયોએ આ બાબતે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. જો RCB રૂ.૧૭,૦૦૦ કરોડમાં વેચાય છે, તો તે IPL ઈતિહાસની સૌથી મોટી ડીલ હશે.

# ભારતના સૌથી વધુ ધનિકમાં મુકેશ અંબાણી પ્રથમ નંબરે

મુંબઈ,તા.૦૨

મુકેશ અંબાણી પરિવાર રૂ.૯.૫૫ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે હુરુન ઈન્ડિયાની ભારતના સૌથી ધનિક વ્યક્તિઓની યાદીમાં ટોચ પર છે.

ગૌતમ અદાણી અને તેમનો પરિવાર રૂ.૮.૧૫ લાખ કરોડની કુલ સંપત્તિ સાથે બીજા ક્રમે છે. M3M હુરુન રિચ લિસ્ટ ૨૦૨૫, ૧ ઓક્ટોબરના રોજ બહાર પાડવામાં આવ્યું હતું.

આ વર્ષે, યાદીમાં ૧,૬૮૭ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બધા અમીરોની સંયુક્ત નેટવર્થ રૂ.૧૬૭ લાખ કરોડ છે, જે ભારતના GDPના લગભગ અડધા છે. M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫માં ધનિક વ્યક્તિઓમાં સૌથી નાની ઉંમરના વ્યક્તિ ૨૨ વર્ષીય કૈવલ્ય વોહરા છે, જે ઝેપ્ટોના સહ-સ્થાપક છે. તે તેમના ભાગીદાર, ૨૩ વર્ષીય અદિત પાલિચા સાથે $૫.૯ બિલિયનના ક્વિક કોમર્સ સ્ટાર્ટઅપનું સંચાલન કરે છે, જે યાદીમાં બીજા સૌથી નાની ઉંમરના છે. માત્ર ૨૨ વર્ષની ઉંમરે, વોહરાએ રૂ.૪,૪૮૦ કરોડની વ્યક્તિગત સંપત્તિ એકઠી કરી છે, જ્યારે આ યાદીમાં સરેરાશ ઉંમર ૬૫ વર્ષ છે.


# ઈલોન મસ્ક ૫૦૦ બિલિયન ડોલરના આંકડે પહોંચનારા વિશ્વના પ્રથમ બિઝનેસમેન

મુંબઈ,તા.૦૨

ટેસ્લાના માલિક ઈલોન મસ્ક ૫૦૦ બિલિયન ડોલરના આંકડે પહોંચનારા વિશ્વના પ્રથમ બિઝનેસમેન બન્યા છે. ફોર્બ્સના રીઅલ-ટાઈમ બિલિયોનેર્સ લિસ્ટ અનુસાર, બુધવારે (૧ ઓક્ટોબર) જ્યારે યુએસ બજારો બંધ થયા, ત્યારે ઈલોન મસ્કની કુલ સંપત્તિ ૫૦૦ બિલિયન ડોલર (રૂ. ૪૪.૩૩ લાખ કરોડ) સુધી પહોંચી ગઈ. ગઈકાલે ટેસ્લાના શેરમાં ૩.૩૧%નો વધારો થયો હતો, જેના કારણે મસ્કની નેટવર્થમાં આ વધારો થયો હતો. જોકે, મસ્કની વર્તમાન નેટવર્થ ૪૯૯.૧ બિલિયન ડોલર (રૂા.૪૪.૩૩ લાખ કરોડ) છે. છેલ્લા ૧૦ વર્ષમાં મસ્કની સંપત્તિમાં ૩૪ ગણો વધારો થયો છે. ટેસ્લાનું માર્કેટ કેપ આશરે ૧.૪૪ ટ્રિલિયન ડોલર (રૂ. ૧૨૭ લાખ કરોડ) છે.

તેના શેરની કિંમત ૪૫૯.૪૬ ડોલર છે. ટેસ્લાના શેરમાં ગયા વર્ષે ૭૮% વળતર મળ્યું છે. છેલ્લા છ મહિનામાં, કંપનીનો શેર ૬૨% વધ્યો છે. ટેસ્લાના ભારતમાં બે શોરૂમ છે, એક મુંબઈમાં અને બીજો દિલ્હીમાં. ઈલોન મસ્ક વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ છે. તેઓ લોકપ્રિય ઈલેક્ટ્રિક વાહન ટેસ્લા અને સ્પેસએક્સના CEO છે. મસ્ક ૧૦ વર્ષની ઉંમરે કમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખ્યા હતા અને ૧૨ વર્ષની ઉંમરે "બ્લાસ્ટર" નામની વીડિયો ગેમ બનાવી. એક સ્થાનિક મેગેઝિને તેને ૫૦૦ યુએસ ડોલરમાં ખરીદી. આ મસ્કની પ્રથમ વ્યવસાયિક સિદ્ધિ ગણી શકાય. ૧૯૯૫માં, તેમણે વેબ સોફ્ટવેર કંપની Zip2ની સ્થાપના કરી. કોમ્પેકએ ૧૯૯૯માં કંપનીને ૩૦૭ મિલિયન ડોલરમાં હસ્તગત કરી. મસ્કને કંપનીમાં ૭% હિસ્સાના બદલામાં ૨૨ મિલિયન ડોલર મળ્યા. આનાથી ઈલોન મસ્કની બિઝનેસ સફરની શરૂઆત થઈ હતી.

## શબ્દ સંજોગ-૨૦૭૯



**આડી ચાવી :**
(૧) ઈશ્વરનું એકપણું (૩)
(૩) એક વિદેશી વાદ્ય (૩)
(૭) પ્રવાહી પર થતો ધોળો પદાર્થ (૨)
(૮) ઢબ, શૈલી (૪)
(૯) ઉગ્ર, તેજ (૩)
(૧૦) તંતુવાદ્ય (૨)
(૧૧) સળી, પીંછી (૩)
(૧૨) ધાંધલ, ધમાલ (૪)
(૧૪) વાતચીતથી થતો આછો ઘોંઘાટ (આ-અ) (૪)
(૧૫) સંબંધ, ઘરોબો (૩)
(૧૬) છીછરી મોટી થાળી (૨)
(૧૭) પવન, વાયુ (૨)
(૧૮) દાભ જેવું એક ઘાસ (૨)
(૨૦) અનાદર, તિરસ્કાર (૪)
(૨૨) વિંધ્ય પર્વત (૪)
(૨૩) વહાલમ, આશક (૩)
(૨૫) સિદ્ધ કરવાનું તે (૨)
(૨૬) એક પક્ષ કરતાં બીજાના મતની સંખ્યાની વિશેષતા (૪)

**ઉભી ચાવી :**
(૧) બળ, શક્તિ (૩)
(૨) હલકું, ઊતરતું (૨)
(૩) નકામી વાતો, બડબડાટ (૩)
(૪) બીક, ભય (૨)
(૫) ટેવ, વ્યસન (૨)
(૬) વિશ્રાંતિસ્થાન (૪)
(૮) ખિતાબ (૪)
(૯) ઝગઝગતું, ઉજજવળ (૩)
(૧૦) બહુ તીખું (૪)
(૧૧) ગાડું (૩)
(૧૨) કાંબળ, કોર વિનાની શાલ (૪)
(૧૩) સૂતરની આંટી (૨)
(૧૪) લાત, પાટુ (૩)
(૧૭) બોજો ઉપાડનારો, મજૂર (૩)
(૧૯) દરેકની જુદી કે સામટી-સહિયારી જે જવાબદારી તે (૪)
(૨૦) અધ્યાય, પ્રકરણ (૨)
(૨૧) જલદી, ઓચિંતું (૩)
(૨૨) વહાલમ, આશક (૩)
(૨૩) આકૃતિની બાજૂ (૨)
(૨૪) કુસ્તીબાજ, પહેલવાન (અ) (૨)

## શબ્દ સંજોગ-૨૦૭૮ જવાબ

**આડી ચાવી :** (૧) ભવાની (૩) સોટી (૪) કને (૬) લટાર (૭) કલાક (૮) ઈનામ (૧૦) ઠગ (૧૩) રસ (૧૫) જાની (૧૬) વાડેનખે (વાનખેડે) (૧૭) નકારું (૧૯) બંડ (૨૨) ફાંદ (૨૩) દેવ (૨૫) ભાલકા (૨૭) ગીર (૨૯) શવાસન (૩૦) વોલ.

**ઉભી ચાવી :** (૧) ભલાઈ (૨) નીલમ (૩) સોરઠ (૪) કલાધર (૫) નેક (૯) નાજનીન (૧૧) ગજાનન (૧૨) લવારું (૧૪) સજજડ (૧૮) ઠામ (૧૯) બંદગી (૨૦) સંદેશ (૨૧) તોલ (૨૪) વવા (વાવ) (૨૫) ભાન (૨૬) કાવો (૨૮) રજી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## વડીયામાં મોસમનો કુલ ૪૦ ઈંચ અને રાજુલામાં ૩૪ ઈંચ વરસાદ પડ્યો

# અમરેલી જિલ્લામાં હાથીયાએ ખેડૂતોની માઠી બેસાડી, વડીયામાં વધુ દોઢ ઈંચ ખાબક્યો

**જિલ્લામાં સરેરાશ ૨૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો**

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. ક્યારેક ધોધમાર તો ક્યારેક હળવા ઝાપટા પડી રહ્યા છે. વરસાદને કારણે ખેડૂતોની માઠી દશા બેઠી છે. હાથીયા નક્ષત્રમાં ભારે વરસાદના કારણે ખેડૂતોને ખેતીપાકમાં ભારે નુકસાની સહન કરવાનો સમય આવ્યો છે. વડીયા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર દોઢ ઈંચ વરસાદને કારણે રોડ-રસ્તા અને શેરીઓમાં પાણી ભરાયા હતા, જેનાથી જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત, જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ છૂટોછવાયો વરસાદ નોંધાયો છે. કોડટાપીઠામાં એક ઈંચ વરસાદ પડ્યો હતો. વડીયામાં સવારથી લઈ સાંજના ૬ વાગ્યા સુધીમાં દોઢ



ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જેના કારણે વડીયામાં મોસમનો કુલ વરસાદ ૪૦ ઈંચની આસપાસ પહોંચ્યો છે જ્યારે રાજુલામાં કુલ વરસાદ ૩૪ ઈંચ પહોંચ્યો છે. જો સમગ્ર જિલ્લામાં મોસમના કુલ વરસાદ પર નજર નાખીએ તો બાબરામાં ૨૯.૪૪ ઈંચ, લાઠીમાં ૧૮.૨૪ ઈંચ, લીલીયામાં ૧૭.૦૮ ઈંચ, અમરેલીમાં ૨૬.૫૬ ઈંચ, બગસરામાં ૨૪.૬૪ ઈંચ, ધારીમાં ૧૭.૯૨ ઈંચ, સાવરકુંડલામાં ૨૮.૦૮ ઈંચ, ખાંભામાં ૨૧.૩૬ ઈંચ, જાફરાબાદમાં ૨૧.૧૨ ઈંચ, રાજુલામાં ૩૩.૪૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આમ, અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૫.૭૬ ઈંચ વરસાદ ખાબક્યો છે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે સતત વરસાદના કારણે રોડમાં ઠેક ઠેકાણે ગાબડાં

ડોળાસા તા.૦૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ભારે વરસાદના કારણે ગામમાંથી પસાર થતા હાઈવે રોડમાં ગાબડાંની હારમાળા સર્જાઈ છે. ડોળાસા વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી વરસાદ સતત વરસી રહ્યો છે. તા.૨૯/૯ ના ભારે વરસાદને કારણે ગામમાંથી પસાર થતા હાઈવે રોડની ડિઝાઈન બદલાઈ ગઈ છે. અનેક ઠેકાણે ગાબડાં પડ્યાં છે



તસવીર : અનીલ કાનાબાર

જેના કારણે વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. ડોળાસા બાયપાસ અને ફોર ટ્રેક રોડનું કામ પૂર્ણ થયા બાદ નેશનલ હાઈવે દ્વારા ડોળાસા ગામથી પસાર થતા રોડને નવો પેવર બનવાનો હોય છે પણ નેશનલ હાઈવે દ્વારા આ કામગીરી કરવામાં આવી નથી. ડોળાસા ગામમાંથી પસાર થતા રોડ પર હાલ વાહનોની ભારે અવરજવર રહેતી હોય તુરંત રોડની મરામત કરવા માંગ ઉઠવા પામી હતી.

# લીલીયા ખાતે RSS દ્વારા પથ સંચલન, શસ્ત્રપૂજન કરાયું

અમરેલી,તા.૦૨



લીલીયા અમૃતબા વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા વિજયાદશમી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં મુખ્ય અતિથિ તરીકે ડો. લક્ષ્મણસિંહ તોમર, મહંત ઘનશ્યામદાસ બાપુ અને વક્તા તરીકે દેવજીભાઈ સોલંકી સહિત મોટી સંખ્યામાં સ્વયંસેવક હાજર રહ્યા હતા. આ તકે પથ સંચલન, શસ્ત્રપૂજન, પ્રાત્યક્ષીક, આસન સહિતના કાર્યક્રમ યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સુરેશભાઈ શેખલીયા તાલુકા કાર્યવાહક અને સ્વયંસેવકો દ્વારા કરવામાં આવેલ હતું.

# રાજકોટ સોની બજારમાંથી પકડાયેલા ત્રણ આતંકીઓને આજીવન કેદની સજા

રાજકોટ,તા.૦૨

ગત ૨૬ જુલાઈ ૨૦૨૩ના રોજ ATS (એન્ટી-ટેરરિસ્ટ સ્કવોડ)એ રાજકોટ ખાતે સોની બજારમાં નોકરી કરતા અને અલ-કાયદાનો પ્રચાર કરતા ત્રણ આતંકીને ઝડપી લીધા હતા, જેની સામેનો ગુનો પુરવાર થતાં તેમને સેશન્સ કોર્ટે અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા અને



રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ.કે. વોરાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે આરોપીઓ પાસેથી મળી આવેલા મોબાઈલ ફોનમાં વ્હોટસએપ ચેટિંગના વાર્તાલાપથી સાબિત થાય છે કે તેઓ મુસ્લિમ સમાજના ચોક્કસ વર્ગને દેશવિરોધી પ્રવૃત્તિઓ માટે ઉશ્કેરી રહ્યા છે. આ ઉપરાંત તેઓ પાસેથી મળી આવેલાં આ મોબાઈલ ફોન, પિસ્તોલ અને કારતૂસ અંગે કોઈ જ ખુલાસો કે ઈનકાર નથી, જે સાબિત કરે છે કે આ ત્રણેય શખ્સ કોઈ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.

# વડીયા પોલીસ સ્ટેશનમાં પીઆઈ સહિત સ્ટાફ દ્વારા શસ્ત્રપૂજન કરાયું



વડીયા,તા.૦૨

વિજયાદશમીના પાવન અવસરે વડીયા પોલીસ સ્ટેશન ખાતે તમામ પોલીસ કર્મચારીઓએ પોતપોતાના શસ્ત્રનું પૂજન અર્ચન કરીને દશેરાની ઉજવણી કરી હતી. ઈન્ચાર્જ પીઆઈ એ.એન. ગાંગણા સાથે સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું. બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચારથી પોલીસ સ્ટેશન ગુંજી ઉઠ્યું હતું અને 'જય શ્રી રામ'ના નારા લગાવવામાં આવ્યા હતા.

# કોટડાપીઠાના વિકાસના પ્રશ્નો અંગે સાંસદ ભરતભાઈ સુતરીયાને રજૂઆત

કોટડાપીઠા,તા.૦૨

અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયાએ તાજેતરમાં બાબરા તાલુકાના કોટડાપીઠા ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કોટડાપીઠાના સરપંચ સત્યજીતભાઈ દ્વારા સાંસદ સમક્ષ ગામના વિકાસને લગતા વિવિધ પ્રશ્નો અંગે વિગતવાર રજૂઆત કરવામાં



તસવીર : જય મહેતા

આવી હતી. ગ્રામજનોની રજૂઆતને ધ્યાનથી સાંભળીને સાંસદ ભરતભાઈ સુતરીયાએ ખાતરી આપી હતી કે, તેઓ આ તમામ પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે સત્વરે પ્રયત્નો હાથ ધરશે. આ બેઠકમાં તેમની સાથે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શરદભાઈ લાખાણી, કોટડાપીઠાના ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, માજી સરપંચ ગોરધનભાઈ વાઢેર, કનુભાઈ બસીયા, પરેશભાઈ વાઢેર, ગેલાભાઈ ગમારા, વાંકીયાના સરપંચ તેમજ પત્રકાર ભરતભાઈ મહેતા સહિતના સ્થાનિક આગેવાનો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# અમરેલીમાં મહાત્મા ગાંધીજયંતી નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૨

અમરેલીમાં મહાત્મા ગાંધીની જન્મજયંતી (૨ ઓક્ટોબર) નિમિત્તે ગાંધી બાગ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ



ચોટલીયા, મયુરભાઈ માંજરીયા તથા નરેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ કાર્યક્રમમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવવામાં આવી અને ત્યારબાદ ચિત્ર સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્વચ્છ વોર્ડ રેન્કિંગ તથા વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાનો સ્ટાફ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા શેર એન્ડ કેર ગ્રુપના રીયાઝભાઈ સેરશીયા તથા તેમના ગ્રુપના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગીરગઢડાના ઝુડવડલી ગામમાં સિંહણે ગાયનો શિકાર કરતા ફફડાટ

ઉના,તા.૦૨

ગીરગઢડા તાલુકાના ઝુડવડલી ગામમાં વહેલી સવારે વરસતા વરસાદ વચ્ચે સિંહ પરિવારે એક ગાયનું મારણ કર્યું હતું. ઉના નજીક આવેલા આ ગામમાં સિંહણ પોતાના બે સિંહબાળ સાથે શિકારની શોધમાં આવી પહોંચી હતી. આ સિંહ પરિવારે ગામમાં આવેલા મેરુદાદાના મંદિર પાસે કૌશિકભાઈ દોમડીયાના ઘરના ડેલાની બહાર બેઠેલી ગાયને નિશાન બનાવી હતી. સિંહના પંજામાંથી છૂટવા ગાય ભાંભરતી હતી, જેના



તસવીર : કૈલાશ ભટ્ટ

અવાજથી કૌશિકભાઈ જાગી ગયા હતા. કૌશિકભાઈએ ઘરનો દરવાજો ખોલતા જ પોતાના આંગણે સિંહ પરિવાર ગાયનું મારણ કરી મિજબાની માણતો જોવા મળ્યો હતો. સિંહોના આંટાફેરાથી ગ્રામજનોમાં ભય ફેલાયો હતો.

# રાજકોટમાં ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં આઠમની ભવ્ય ઉજવણી

**ઝરમર વરસાદની વચ્ચે ભવ્ય આતશબાજી સાથે માતાજીનું શાહી સ્વાગત**

રાજકોટ,તા.૦૨

રાજકોટમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા અલગ અલગ ચાર ઝોનમાં ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવની ઉજવણી થઈ હતી. મંગળવારે આસો સુદ-આઠમની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ હતી. ચારેય ઝોનમાં મા ખોડલ સહિત સાતેય બહેનોની ભવ્યાતિભવ્ય પધરામણી કરાઈ હતી અને માતાજીની મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા. નોર્થ ઝોનમાં



મા ખોડલની મહાઆરતી, મા ખોડલ સહિત સાતેય બહેનોનું ધજા-પતાકા સાથે શાહી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રાઉન્ડમાં આતશબાજી કરીને માતાજીના વધામણા કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌ ખેલૈયાઓ અને કાર્યકરોએ મોબાઈલની ફ્લેશલાઈટ વડે માતાજીની મહાઆરતી કરી હતી. સાતેય બહેનોને હિંડોળે ઝુલાવવામાં આવ્યા હતા. વેસ્ટ ઝોનમાં પણ ભવ્ય સુશોભિત રથમાં મા ખોડલ સહિત સાતેય બહેનોની પધરામણી કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી. સાઉથ ઝોનમાં પણ રથમાં બિરાજમાન થઈને મા ખોડલ સહિત સાતેય બહેનોની પધરામણી કરાઈ હતી. સાથે જ માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી અને લેઝર શો યોજાયો હતો. ઈસ્ટ ઝોનમાં પણ મા ખોડલ સહિત સાતેય બહેનોની રથમાં પધરામણી કરીને મહાઆરતી કરવામાં આવી હતી. ખેલૈયાઓ મા ખોડલની ભક્તિમાં તરબોળ થઈને ઝરમર વરસી રહેલા વરસાદમાં ભાવવિભોર બની ગયા હતા.

# કોડીનાર નગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા સંવાદ' અને 'ઝીરો વેસ્ટ ઈવેન્ટ' યોજાઈ

ઉના,તા.૦૨

મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષ પૂર્ણ થવા બદલ ''સ્વચ્છતા હી સેવા – ૨૦૨૫'' ને 'સ્વચ્છોત્સવ' તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. તેના ભાગરૂપે, કોડીનાર નગરપાલિકા દ્વારા કચેરી ખાતે 'સ્વચ્છતા સંવાદ'



અને 'ઝીરો વેસ્ટ ઈવેન્ટ' યોજાઈ હતી. આ કાર્યક્રમમાં પત્રકારોને સૂકા-ભીના કચરાના વ્યવસ્થાપન અને નગરપાલિકાની કામગીરી વિશે માહિતગાર કરાયા હતા. તજજ્ઞો દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ અને ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન અપાયું હતું. ઉપસ્થિત સૌએ સ્વચ્છતાના શપથ લઈ શહેરને કચરામુક્ત કરવાનો સંકલ્પ કર્યો હતો.

**શહેરીજનોએ સ્વચ્છતાના શપથ લઈ શહેરને કચરામુકત કરવાનો સંકલ્પ લીધો**

# ઉના પંથકમાં ભારે વરસાદના કારણે ખત્રીવાડા ગામે બેઠો પુલ પાણીમાં ગરકાવ

ઉના,તા.૦૨

ઉના તાલુકાના છેવાડાના ખત્રીવાડા ગામનો બેઠો પુલ પાણીમાં ગરકાવ થઈ ગયો છે, જેના કારણે ગ્રામજનો જીવના જોખમે અવરજવર કરી રહ્યા છે. આ ગામ વર્ષોથી બે ભાગમાં વહેંચાયેલ છે અને તેની મધ્યમાં આ બેઠો પુલ છે. સામાન્ય દિવસોમાં લોકો આ પુલનો ઉપયોગ કરે છે, પરંતુ વરસાદની મોસમમાં તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ઉના પંથકમાં



તસવીર : કૈલાશ ભટ્ટ

વ્યાપક વરસાદને કારણે તમામ નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે અને ડેમો પણ ઓવરફ્લો થયા છે. રૂપેણ નદીમાં પૂરથી આ બેઠો પુલ પાણીમાં ડૂબી ગયો છે, જેના કારણે ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. જ્યારે કોઈ અકસ્માત થશે તો તેની જવાબદારી કોની તેવા પ્રશ્નો ઉભા થયા છે. વ્યાપક વરસાદને કારણે ખત્રીવાડા ગામ અનેક વખત વિખૂટું પડી જાય છે. રાવલ ડેમ ઓવરફ્લો થતાં રાવલ નદીમાં પાણી આવવાથી સનખડા-ખત્રીવાડાનો રસ્તો કલાકો સુધી બંધ રહ્યો હતો. ગ્રામજનોએ આ બેઠા પુલ પર ઊંચો બ્રિજ બનાવવાની અનેક વખત માગણી કરી છે, પરંતુ તંત્ર દ્વારા ધ્યાન આપતું નથી. કોઈ મેડિકલ ઈમરજન્સીના સમયે પુલ પર પાણીનો પ્રવાહ હોય તો શું પરિસ્થિતિ થાય તેવા સવાલો પણ ગ્રામજનોમાં ઉઠી રહ્યા છે.

# દિલ્હીમાં આવશ્યક માલવાહક વાહનોને પણ હવે પર્યાવરણીય સેસ ચૂકવવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

નવીદિલ્હી,તા.૨

દિલ્હીમાં આવશ્યક માલવાહક વાહનોને પણ હવે પર્યાવરણીય સેસ ચૂકવવો પડશે. સુપ્રીમ કોર્ટે આવા વાહનોને આપવામાં આવેલી પર્યાવરણીય વળતર સેસ મુક્તિ રદ કરી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ, ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને ન્યાયાધીશ એન.વી. અંજારિયાની બનેલી બેન્ચે ૨૬ સપ્ટેમ્બરના રોજ આ આદેશ આપ્યો હતો, જે તાજેતરમાં જાહેર કરવામાં આવ્યો હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે ઓક્ટોબર ૨૦૧૫માં દિલ્હીમાં પ્રવેશતા આવશ્યક માલસામાન વહન કરતા વાણિજ્યિક વાહનોને આપવામાં આવેલી મુક્તિ ઓપરેશનલ સમસ્યાઓનું કારણ બની રહી છે, જે સેસ લાદવાના હેતુને નિષ્ફળ બનાવી રહી છે. બેન્ચે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની અરજી સ્વીકારી



હતી, જેમાં ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી મુક્તિ રદ કરવાની માંગ કરવામાં આવી હતી. ૨૦૧૫ના આદેશમાં, કોર્ટે શાકભાજી, ફળો, દૂધ, અનાજ, ઈંડા, બરફ (ખોરાક તરીકે ઉપયોગમાં લેવાતો), મરઘાં ઉત્પાદનો વગેરે જેવા આવશ્યક માલસામાન વહન કરતા વાણિજ્યિક વાહનોને પર્યાવરણીય સેસમાંથી મુક્તિ આપી હતી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને દલીલ કરી હતી કે મુક્તિને કારણે, વાહનોને જરૂરી વસ્તુઓ છે કે નહીં તે તપાસવા માટે રોકવા પડે છે, જે નોંધપાત્ર અસુવિધા પેદા કરે છે.

# આરએસએસને વિશ્વનું સૌથી મોટું દેશભક્ત સંગઠન ગણાવતા ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન

નવીદિલ્હી,તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ૨ ઓક્ટોબરના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા. આ પ્રસંગને ઉજવવા માટે, આરએસએસએ નાગપુર સહિત દેશભરમાં કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને પણ આરએસએસ પર એક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે આ સંગઠન ધર્મ, જાતિ કે ભાષાના આધારે ભેદભાવ વિના દરેકને સ્વીકારે છે. આ સંગઠન વિવિધતામાં એકતાનું પ્રતીક છે. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે આ સમાવેશી અભિગમે આરએસએસ અને તેની સંલગ્ન સંસ્થાઓને કાયમી સફળતા અપાવી છે, જેનાથી દેશની સર્વાંગી પ્રગતિ થઈ છે. તેમણે કહ્યું કે આરએસએસ સાથે જોડાયેલા લોકો દેશભક્ત છે. આ મહાન યાત્રામાં સંઘની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહી છે અને સમય જતાં તેની પ્રેરણાદાયી




ભૂમિકા ચાલુ રહેશે. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે વિશ્વની સૌથી મોટી દેશભક્ત સંસ્થા ૧૦૦ વર્ષ જૂની થઈ ગઈ છે. આરએસએસનું સૌથી મોટું યોગદાન સ્વ-શિસ્તબદ્ધ અને જવાબદાર નાગરિકોમાં રહેલું છે, જે એક મજબૂત સમાજનો પાયો છે. તેમણે કહ્યું કે ૧૯૨૫ માં કેશવ બલીરામ હેડગેવાર દ્વારા તેની સ્થાપના થઈ ત્યારથી, આરએસએસ યુવાનોને મજબૂત આંતરિક ચારિત્ર્ય વિકસાવવા અને નિઃસ્વાર્થપણે સમાજની સેવા કરવા પ્રેરણા આપે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસ જવાનો સાથે વિજ્યાદશમીના પાવન પર્વે શસ્ત્રપૂજન કર્યું

ગુજરાત,તા.૦૨

મુખ્યમંત્રીએ ભારતીય સનાતન સંસ્કૃતિમાં શસ્ત્ર અને શાસ્ત્રના પૂજનની ઐતિહાસિક પુરાતન પરંપરાને આ શસ્ત્રપૂજનમાં જોડાઈને વધુ ઉજાગર કરી હતી. તેમણે સુરક્ષા કર્મીઓને વિજયાદશમીના પર્વની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતિક એવું આ વિજ્યાદશમી પર્વ સમાજની આતતાયી શક્તિઓને પરાસ્ત કરવાનો અવસર પણ છે. સુરક્ષા



કર્મીઓએ પણ રાષ્ટ્ર-રાજ્ય અને સમાજની રક્ષા-સુરક્ષા માટે સમર્પિત ભાવ સાથે કર્તવ્યરત રહેવાનું છે તેની વિભાવના મુખ્યમંત્રીએ કર્મના સિદ્ધાંતોને અનુરૂપ ઉદાહરણોથી સમજાવી હતી.

# યુપીના સંભલમાં વિજ્યાદશમીના દિવસે ગેરકાયદેસર બાંધકામોનો સફાયો કરાયો

સંભલ,તા.૨

સંભલ જિલ્લામાં ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા માટે વહીવટીતંત્ર ફરી એકવાર તેના બુલડોઝરનો ઉપયોગ કરી રહ્યું છે, અને તે પણ રાવણ દહનના દિવસે. આ કાર્યવાહી માટે મોટી પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. ગેરકાયદેસર રીતે કબજા હેઠળની તળાવની જમીન પર બનેલી મસ્જિદ અને લગ્ન ગૃહ તોડી પાડ્યા બાદ, વહીવટીતંત્રએ ગુરુવારે ગેરકાયદેસર બાંધકામો તોડી પાડ્યા છે. સંભલના રયા બુઝુર્ગ ગામમાં



આ મોટી કાર્યવાહી થઈ રહી છે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, સરકારી તળાવની જમીન પર ગેરકાયદેસર રીતે બાંધકામ કરવામાં આવ્યું હતું. ગુરુવારે સવારે ૧૧ વાગ્યે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વહીવટીતંત્ર સંપૂર્ણપણે તૈયાર હતું. કાર્યવાહી દરમિયાન અર્ધલશ્કરી દળો અને પોલીસની ઘણી કંપનીઓ ઘટનાસ્થળે હાજર હતી. એસડીએમએ જણાવ્યું હતું કે ૨૬ જૂન, ૨૦૨૫ ના રોજ નોટિસ જારી કરવામાં આવી હતી. યુપીઆરસીની કલમ ૬૮ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ આદેશ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ જારી કરવામાં આવ્યો હતો.

# બરેલીમાં હિંસા આચરનારા ૨૦૦ તોફાનીઓના નામ જાહેર, ૮૧ની ધરપકડ

બરેલી,તા.૨

બરેલી હિંસાની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. પોલીસ હિંસા અંગે મોટા ખુલાસા કરી રહી છે, તે જ સમયે કાર્યવાહી પણ ઝડપથી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૮૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બુધવારે, હિંસાના સંદર્ભમાં આઠ વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, અને ૧૦ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ૨,૫૦૦ તોફાનીઓમાંથી ૨૦૦ના નામ જાહેર કરવામાં આવ્યા હતા. બુધવારે, પોલીસે અથડામણ પછી બે તોફાનીઓ, ઈદ્રીસ અને ઈકબાલની ધરપકડ કરી હતી. દરમિયાન, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં મોટાભાગના લોકો મુસ્લિમ ટોપી પહેરેલા જોઈ શકાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ લોકો તૌકીર રઝાના કહેવાથી બરેલીમાં ભેગા થયા હતા પરંતુ હિંસા પછી પોલીસ કાર્યવાહીથી ડરીને ભાગી રહ્યા છે.

# સાંસદ કંગના રનૌતે નિશાન સાધ્યું : રાહુલ ગાંધી ભારતને દરેક જગ્યાએ બદનામ કરી રહ્યા છે

નવીદિલ્હી,તા.૨

ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે તેમને "કલંક" કહ્યા છે. સાંસદે આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધી ભારતને દરેક જગ્યાએ બદનામ કરે છે. ચાલો જાણીએ કંગનાએ રાહુલ ગાંધી





વિશે બીજું શું કહ્યું છે. રાહુલ ગાંધી પર નિશાન સાધતા કંગનાએ કહ્યું, "તેઓ કલંકિત છે. બધા જાણે છે કે તેઓ દરેક જગ્યાએ દેશને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, દેશની ટીકા કરી રહ્યા છે. જો તેઓ દેશની ટીકા કરી રહ્યા છે, એમ કહી રહ્યા છે કે અહીંના લોકો ઝઘડાખોર છે, અહીંના લોકો પ્રામાણિક નથી, તો આ બધી બાબતો દ્વારા તેઓ બતાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ભારતના લોકો મૂર્ખ છે. જો તે આ કહેવા માંગે છે, તો તેથી જ હું તેમને કલંકિત કહું છું. તે હંમેશા દેશને શરમ આપે છે. દેશ પણ તેમનાથી શરમ અનુભવે છે. ખરેખર, કંગના રનૌત રાજધાની દિલ્હીમાં ખાદીના મુદ્દા પર વાત કરી રહી હતી.

# પીએમ મોદીએ મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીને તેમના જન્મદિવસ પર પુષ્પાંજલિ અર્પી

નવીદિલ્હી,તા.૨

દેશભરમાં દશેરા પર્વની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી, ત્યારે રાષ્ટ્ર તેના બે મહાન વ્યક્તિઓને તેમના જન્મદિવસ પર યાદ કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્મારક રાજઘાટની તેમની જન્મજયંતી પર મુલાકાત લીધી અને તેમને પુષ્પાંજલિ આપી. ત્યારબાદ તેમણે ભૂતપૂર્વ



વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના સ્મારક વિજય ઘાટની મુલાકાત લીધી અને તેમના જન્મદિવસ પર તેમને પુષ્પાંજલિ આપી. વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કરીને કહ્યું, "ગાંધી જયંતી એ આપણા પ્રિય બાપુના અસાધારણ જીવનને પુષ્પાંજલિ આપવાનો દિવસ છે, જેમના આદર્શોએ માનવ ઈતિહાસનો માર્ગ બદલી નાખ્યો. તેમણે બતાવ્યું કે હિંમત અને સાદગી કેવી રીતે મહાન પરિવર્તનનું સાધન બની શકે છે." મોદીએ કહ્યું કે ગાંધીજી સેવા અને કરુણાની શક્તિને લોકોને સશક્ત બનાવવા માટે આવશ્યક સાધન માનતા હતા.

# બંગાળની ખાડી પરનું લો પ્રેશર ડિપ્રેશનમાં ફેરવાઈ ઓડિશાને પાર કરી આંધપ્રદેશ પહોંચવાની ધારણા

ભુવનેશ્વર,તા.૨

બંગાળની ખાડી પરનું લો પ્રેશર ક્ષેત્ર ધીમે ધીમે ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું છે. તે ઓડિશા કિનારા તરફ આગળ વધી રહ્યું છે, જેના કારણે ગુરુવારે ભારે વરસાદ પડ્યો છે. રાજ્ય સરકારે પરિસ્થિતિનો સામનો કરવા માટે ઓળખાયેલા સંવેદનશીલ જિલ્લાઓમાં કર્મચારીઓ અને મશીનરી



તૈનાત કરી છે. બુધવારથી રાજ્યના તમામ ભાગોમાં, ખાસ કરીને દરિયાકાંઠાના અને દક્ષિણ પ્રદેશોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે ગુરુવારે ઓડિશાના તમામ ૩૦ જિલ્લાઓ માટે ભારે વરસાદની ચેતવણી જારી કરી હતી. આઈએમડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બુધવારે રાત્રે બંગાળની ખાડીમાં એક ડીપ ડિપ્રેશન સર્જાયું હતું અને ૧૭ કિમી પ્રતિ કલાકની ઝડપે દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે.

# પ્રથમ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝનો ૧૬૨ રનમાં ધબડકો : સિરાઝની ૪ વિકેટ

અમદાવાદ,તા.૦૨

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બે ટેસ્ટ મેચની સિરીઝની પહેલી મેચ અમદાવાદમાં રમાઈ રહી છે. ગુરુવારે પહેલા દિવસની રમતના અંતે ભારતે બે વિકેટે ૧૨૧ રન બનાવ્યા હતા. કેએલ રાહુલ ૫૩ અને કેપ્ટન શુભમન ગિલ ૧૮ રન બનાવીને અણનમ રહ્યા. રાહુલે ભારતમાં ૧૧ અડધી સદી ફટકારીને પોતાની ૨૦મી ટેસ્ટ ફિફ્ટી ફટકારી હતી. ટીમ ઈન્ડિયા હજુ પણ ૪૧ રન પાછળ છે. સાઈ સુદર્શન ૭ રન બનાવીને આઉટ થયો. તેને કેપ્ટન રોસ્ટન ચેઝે LBW આઉટ કર્યો. યશસ્વી જયસ્વાલ (૩૬)ને જેડેન સીલ્સે કેચ આઉટ કરાવ્યો હતો. ટૉસ જીતીને બેટિંગ કરનાર વેસ્ટ ઈન્ડિઝ ટી-બ્રેક પહેલા ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગયું. વેસ્ટ ઈન્ડિઝ તરફથી જસ્ટિન ગ્રીવ્સે સૌથી વધુ ૩૨ રન બનાવ્યા. વિકેટકીપર શાઈ હોપે ૨૬ અને કેપ્ટન રોસ્ટન ચેઝે ૨૪ રન બનાવ્યા હતા.

# ભારતે પાકિસ્તાનને માનવ અધિકારોના મામલે સૌથી ખરાબ રેકોર્ડ ધરાવતો દેશ ગણાવ્યો

નવીદિલ્હી,તા.૨

જીનીવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC) ના ૬૦મા સત્રમાં ભારતે માનવ અધિકારોના મુદ્દાઓ પર પાકિસ્તાનના દંભનો પર્દાફાશ કર્યો. ભારતે પાકિસ્તાનની આકરી ટીકા કરી, પાકિસ્તાનમાં લઘુમતીઓ પરના અત્યાચારને ઉજાગર કર્યો. ભારતનું પ્રતિનિધિત્વ કરતા રાજદ્વારી મોહમ્મદ હુસૈને કહ્યું, "એ વિડંબના છે કે માનવ અધિકારોમાં સૌથી ખરાબ રેકોર્ડ ધરાવતો દેશ અન્ય દેશોને ઉપદેશ આપવાનો પ્રયાસ કરી રહ્યો છે." માનવ અધિકાર પરિષદના ૩૪મા સત્રને સંબોધતા, ભારતીય રાજદ્વારી મોહમ્મદ હુસૈને કહ્યું, "તેઓ (પાકિસ્તાન) ભારત વિરુદ્ધ બનાવટી આરોપો લગાવીને આ પ્લેટફોર્મનો દુરુપયોગ કરે છે, જે ફક્ત તેમના દંભને ઉજાગર કરે છે. પ્રચારનો આશરો લેવાને બદલે, પાકિસ્તાને પોતાના દેશમાં ધાર્મિક અને વંશીય લઘુમતીઓ સામે રાજ્ય પ્રાયોજિત જુલમ અને વ્યવસ્થિત ભેદભાવ પર ધ્યાન આપવું જોઈએ."

# રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૫-૬ ડિસેમ્બરે ભારતની મુલાકાત લે તેવી સંભાવના

મોસ્કો,તા.૨

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાર્ષિક શિખર સંમેલન માટે ૫ ડિસેમ્બરની આસપાસ ભારતની મુલાકાત લઈ શકે છે. આ વાટાઘાટો દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે, એમ સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું. આ મુલાકાતની તૈયારીઓ ચાલી રહી છે, પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી કે રશિયન રાષ્ટ્રપતિ




એક દિવસ માટે ભારત આવશે કે બે દિવસ માટે. પુતિનની મુલાકાત પહેલા, રશિયન વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવ રાષ્ટ્રપતિની મુલાકાતની વિગતોને અંતિમ સ્વરૂપ આપવા માટે આવતા મહિને ભારતનો પ્રવાસ કરશે. રશિયન રાષ્ટ્રપતિએ છેલ્લે ૨૦૨૧ માં નવી દિલ્હીની મુલાકાત લીધી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે પુતિનની મુલાકાત પહેલા ભારત-રશિયા આંતર-સરકારી કમિશન ઓન મિલિટરી એન્ડ મિલિટરી-ટેકનિકલ કોઓપરેશનના માળખા હેઠળ બંને પક્ષો વચ્ચે એક બેઠક થવાની ધારણા છે. ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં, પીએમ મોદી અને પુતિન બંને દેશો વચ્ચે "વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી" ને વધુ વિસ્તૃત કરવા અંગે ચર્ચા કરે તેવી અપેક્ષા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે વાટાઘાટો સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને ઊર્જાના ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. ભારત અને રશિયા વચ્ચે એક વ્યવસ્થા છે જેના હેઠળ ભારતના વડાપ્રધાન અને રશિયાના રાષ્ટ્રપતિ સંબંધોની સમીક્ષા કરવા માટે વાર્ષિક શિખર સંમેલન યોજે છે.

# ઈઝરાયલી સેનાએ ગાઝામાં માનવતાવાદી સહાય લઈ જતા જહાજોના કાફલાને રોક્યો

જેરૂસલેમ,તા.૨

ગાઝા જઈ રહેલા રાહત જહાજોના કાફલામાં સવાર કાર્યકરોએ જણાવ્યું હતું કે ઈઝરાયલી નૌકાદળે તેમની ૧૩ બોટને અટકાવી હતી. ઈઝરાયલી અધિકારીઓએ જણાવ્યું હતું કે કાફલામાં સવાર કાર્યકરોમાં ગ્રેટા થનબર્ગ પણ હતી. આ કાર્યકર્તાઓ સુરક્ષિત છે અને તેમને ઈઝરાયલ લઈ જવામાં આવી રહ્યા છે. "ધ ગ્લોબલ સુમુદ ફ્લોટિલા" નામના કાફલામાં આશરે ૫૦ નાના જહાજો છે જેમાં આશરે ૫૦૦ લોકો વહન કરે છે. આ કાફલો ગાઝા પટ્ટીમાં ફસાયેલા



પેલેસ્ટિનિયનો માટે માનવતાવાદી સહાય, મુખ્યત્વે ખોરાક અને દવા લઈ જઈ રહ્યો છે. કાર્યકર્તાઓએ અહેવાલ આપ્યો છે કે ફ્લોટિલામાં ૧૩ જહાજોને ગાઝા કિનારાથી લગભગ ૮૦ માઈલ દૂર અટકાવવામાં આવ્યા હતા. કાફલામાં પર્યાવરણીય કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ, નેલ્સન મંડેલાના પૌત્ર મંડેલા મંડેલા, બાર્સેલોનાના ભૂતપૂર્વ મેયર અદા કોલાઉ અને ઘણા યુરોપિયન સંસદસભ્યોનો સમાવેશ થાય છે. જૂથ કહે છે કે તેમનો ઉદ્દેશ્ય ઈઝરાયલી નાકાબંધી તોડીને ગાઝાને પ્રતીકાત્મક માનવતાવાદી સહાય પહોંચાડવાનો છે. આયોજકોએ તેમની સત્તાવાર ટેલિગ્રામ ચેનલ પર જણાવ્યું હતું કે ૪૩ જહાજોમાંથી ૧૩ જહાજોને અટકાવવામાં આવ્યા છે, અને બાકીના જહાજો ગાઝા તરફ આગળ વધશે.

## 'પરખ'ના સર્વેક્ષણમાં ચોંકાવનારા આંકડા બહાર આવ્યા

# રાષ્ટ્રીય શિક્ષણ સ્તરમાં ગુજરાતને તળીયાના રાજ્યોમાં સ્થાન મળ્યું

**શિક્ષણ પાછળ કરોડો રૂપિયાનું આંધણ કર્યું છતાં સ્તર ન સુધર્યુ**

અમદાવાદ,તા.૦૨

ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રજૂ કરાયેલા 'પરખ' (PARAKH) રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ના રિપોર્ટમાં ગુજરાતના શિક્ષણ સ્તરને લઈને ચોંકાવનારો ખુલાસો થયો છે. આ રિપોર્ટ મુજબ ગુજરાતનું શિક્ષણનું સ્તર અપેક્ષા કરતા ઘણુ જ નબળુ જોવા મળ્યું છે. સર્વેક્ષણના તારણો અનુસાર સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા (ટોપ-૧૦ પરફોર્મિંગ સ્ટેટ્સ)ની યાદીમાં ગુજરાત રાજ્યનો સમાવેશ થઈ શક્યો નથી. તેનાથી વિપરીત ગુજરાતનો સમાવેશ નબળું પ્રદર્શન કરનારા (લો-પરફોર્મિંગ) ૧૦ રાજ્યોની યાદીમાં થયો છે. ગુજરાતમાં શાળાકીય શિક્ષણનું સ્તર સુધારવા ૨૦૧૯માં સરકારે ૫ કરોડ રૂપિયાના ખર્ચે ગાંધીનગરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર બનાવ્યું હતું. આ પછીના વર્ષોમાં સરકારે આ કેન્દ્ર ચલાવવા માટે ૬૦ લાખથી ૮૫ લાખનાં બજેટનું આંધણ કર્યું, છતાંય ગુજરાતમાં શાળાકીય શિક્ષણનું સ્તર સાવ તળીયે હોવાનું કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના અહેવાલમાં સાબિત થયું છે. પરખ નામે રજૂ થયેલાં અહેવાલમાં ધોરણ-૩, ૬ અને ૯માં શિક્ષણનું સ્તર તેમજ ગણિત, વિજ્ઞાન, ભાષા તેમજ સામાજિક વિજ્ઞાનના વિષયોમાં વિદ્યાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરવામાં આવી હતી. આ માટે કેન્દ્રએ ટોચના ૧૦ અને તળિયાના ૧૦ રાજ્યોની યાદી બનાવી છે. યાદીમાં ગુજરાતને તળિયાના રાજ્યમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આમ આદમી પાર્ટીના શાસનમાં પંજાબે લગભગ તમામ કેટેગરીમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે.



### સૌથી નબળું પ્રદર્શન કરનારા ૫૦ જિલ્લામાં ગુજરાતના અનેક જિલ્લાઓ

રિપોર્ટમાં માત્ર રાજ્યનું સ્તર જ નહિ પરંતુ જિલ્લાવાર પ્રદર્શનની પણ સમીક્ષા કરવામાં આવી છે. દેશમાં સૌથી નબળું પ્રદર્શન કરનારા ૫૦ જિલ્લાઓની યાદીમાં ગુજરાતના અનેક જિલ્લાઓનો સમાવેશ થયો છે. જેમાં જામનગર જિલ્લાને ૨૧મો ક્રમ આપવામાં આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લો ૨૮મા ક્રમે છે. ખેડા જિલ્લો ૪૪મા, છોટાઉદેપુર ૪૭મા, પોરબંદર જિલ્લો ૪૮મા ક્રમે આવે છે. રિપોર્ટ દર્શાવે છે કે રાજ્યના અંતરિયાળ અને અન્ય વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા અને માળખાકીય સુવિધાઓ તાત્કાલિક સુધારવાની જરૂર છે.

# સુરતમાં નવરાત્રિમાં યુવતીઓ ઠુમકા લગાવતી હોવાથી વિવાદ



સુરત,તા.૦૨

સુરતમાં ધાર્મિક તહેવાર પર માતાજીના પંડાલમાં યુવતીઓ દ્વારા અશ્લીલ ડાન્સ કરાતા વિવાદ થયો છે. નવરાત્રિ અને દુર્ગાપૂજાના પવિત્ર તહેવાર પર સુરતના ભટાર, પાંડેસરા અને ડીંડોલી વિસ્તારના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જેમાં માતાજીની મૂર્તિ સામે જ યુવતીઓ ઠુમકા લગાવી રહી છે. ધાર્મિક તહેવાર પર ગરબાના બદલે હુક્કાબાર સોંગ્સ પર યુવતીઓ ઠુમકા લગાવતી જોવા મળી રહી છે.

# ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની આજે ચૂંટણી પ્રક્રિયા, શનિવારે નવા પ્રમુખની જાહેરાત

ગાંધીનગર, તા.૦૨

ગુરૂવારે ભાજપના પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી સંબંધિત કાર્યક્રમ જાહેર થયો છે. લાંબા સમયથી ચાલી રહેલી અટકળો વચ્ચે હવે કાર્યકરોમાં આતુરતાનો અંત આવ્યો છે. આજે ત્રણ ઓક્ટોબરના રોજ ગુજરાત રાજ્યના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોની ચૂંટણીની પ્રક્રિયા કરવામાં આવશે. સવારે ૧૧:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા થશે. બપોરે ૩:૦૦ વાગ્યાથી ૪:૦૦ વાગ્યા સુધી ફોર્મ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને સાંજે ૫ વાગ્યાથી ૫:૩૦ વાગ્યા સુધી ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા કરવામાં આવશે. ૪ ઓક્ટોબરના રોજ સવારે ૧૦થી ૧૧ વાગ્યા સુધીમાં મતદાન થશે. મતગણતરી અને પ્રદેશ પ્રમુખની જાહેરાત ૧૨ વાગ્યાની આસપાસ કરવામાં આવશે. ભાજપના



સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ OBC નેતાને પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક મળી શકે છે. ઉલ્લેખનીય છે કે પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટે યોજાનાર મતદાન પ્રક્રિયામાં કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ધારાસભ્યો સહિત ૩૦૦થી વધારે લોકો મતદાન કરશે.

# ગોધરામાં ઉપથી વધુ અસામાજિક તત્વોના દબાણો પર જેસીબી ફર્યું

ગાંધીનગર,તા.૦૨



ગોધરામાં અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. દશેરાના દિવસે શહેરના સિગ્નલ ફળિયા વિસ્તારમાં આવેલા નાગા તલાવડી વિસ્તારમાં ઉપથી વધુ અસામાજિક તત્ત્વો દ્વારા કરાયેલા ગેરકાયદે દબાણો પર જેસીબી ફેરવાયું હતું. સમગ્ર કામગીરી દરમિયાન કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ કાર્યવાહી ગોધરા શહેરના સિગ્નલ ફળિયા વિસ્તારમાં આવેલ નાગા તલાવડી વિસ્તારમાં હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાં સરકારી જગ્યામાં અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હતું.

# રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ ગુજરાત આવશે, ગીર જંગલની મુલાકાત લે તેવી સંભાવના

જૂનાગઢ,તા.૦૨



ગુજરાતના ગૌરવ અને એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા સાસણ ગીર અભ્યારણ્યના પ્રવાસીઓ માટે એક અત્યંત ઉત્સાહજનક સમાચાર સામે આવ્યા છે. ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સંભવિત ગુજરાત પ્રવાસ અને સિંહ દર્શન કાર્યક્રમને કારણે, સામાન્ય રીતે ચોમાસાના ચાર મહિના માટે બંધ રહેતું ગીર જંગલ આ વર્ષે નિર્ધારિત સમય કરતાં લગભગ ૧૦ દિવસ વહેલું ખુલવાની સંભાવના છે. સામાન્ય રીતે, વન્યજીવોના સંવર્ધન અને સંરક્ષણ માટે ગીર અભ્યારણ્ય દર વર્ષે ૧૫મી જૂનથી ૧૬મી ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે. જો કે, વન વિભાગના આંતરિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સંભવિત કાર્યક્રમ ૧૦ અને ૧૧ ઓક્ટોબર દરમિયાન ગીર જંગલની બે દિવસીય મુલાકાત લેવાની સંભાવના છે.

# રક્ષામંત્રી રાજનાથ સિંહે દશેરાના દિને ભુજમાં ગન ડિફેન્સ સિસ્ટમની પૂજા કરી



ભુજ,તા.૦૨

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે દશેરાના દિવસે ભુજમાં એક લશ્કરી મથકની મુલાકાત લીધી હતી. તેમણે શસ્ત્ર પૂજા સમારોહ કરતા પહેલા સૈનિકોને સંબોધિત કર્યા હતા, જેમાં ઓપરેશન સિંદૂરમાં ઉપયોગમાં લેવાયેલી L-70 ગન ડિફેન્સ સિસ્ટમનો પણ સમાવેશ થાય છે. L-70 ગન પ્રતિ મિનિટ ૩૦૦ રાઉન્ડ ફાયર કરે છે અને ૩,૫૦૦ મીટર સુધીના લક્ષ્યોને નિશાન બનાવી શકે છે. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવામાં L-70 સિસ્ટમે મુખ્ય ભૂમિકા ભજવી હતી. સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે, "સરક્રીકને અડીને આવેલા વિસ્તારોમાં પાકિસ્તાનના લશ્કરી માળખાના તાજેતરના વિસ્તરણ તેના ઈરાદાઓને છતા કરે છે. જો પાકિસ્તાન સરક્રીક ક્ષેત્રમાં કોઈપણ આક્રમક કૃત્ય કરવાની હિંમત કરશે, તો તેને જડબાતોડ જવાબ મળશે જે ઈતિહાસ અને ભૂગોળ બંનેને બદલી નાખશે.

# ૮ અગ્રણી ગરબા આયોજકો પર જીએસટી વિભાગે દરોડા પાડી તપાસ હાથ ધરી

અમદાવાદ,તા.૦૨

ગુજરાતના મોટા શહેરો અમદાવાદ, સુરત અને ગાંધીનગરમાં ૮ અગ્રણી ગરબા આયોજકો પર GST વિભાગે સોમવારથી તપાસ હાથ ધરી છે. જીએસટીની ૧૦ ટીમો દ્વારા મોટા ગરબા આયોજકોને ત્યાં તપાસ હાથ ધરવામાં આવતા આયોજકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ૫૦૦૦થી વધુની કિંમતના પાસ/ટિકિટ ધરાવતા ગરબા આયોજકોને ત્યાં ટિકિટ વેચાણમાં મોટાપાયે ગેરરીતિઓ અને શંકાસ્પદ કરચોરીના આરોપો બાદ હાલ તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકપ્રિય સ્થળો રંગ મોરલા, સુવર્ણ નગરી અને સ્વર્ણિમ નગરી સહિત આઠ સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આદિત્ય ગઢવી, જિગરદાન ગઢવી અને પૂર્વ મંત્રી જેવા સ્ટાર કલાકારો દર્શાવતા કાર્યક્રમો તપાસ હેઠળ હતા. આ કાર્યવાહી મુખ્યત્વે બ્લેકમાં વેચાતા પાસને લઈને કરવામાં આવી છે. મોટા આયોજકો દ્વારા મોટી કમાણી કરવામાં આવે છે, પરંતુ તેમાં કરચોરી થતી હોવાની શંકાના આધારે આ દરોડા પાડવામાં આવ્યા છે.











